## સુવિચાર
''સમય એટલો બળવાન હોય છે કે, એનામાં ખરાબ સમયને સારા સમયમાં ફેરવવાનું સામર્થ્ય હોય છે.''
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૫/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ વૈશાખ વદ-૮ વર્ષ : ૧૭ અંક : ૧૨૫

## શ્રી રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ અને શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા

# રાજુલા ખાતે ૧૩ મેનાં રોજ મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરનો પ્રારંભ


### પૂ. મોરારિબાપુનાં પાવન હસ્તે આરોગ્ય મંદિરનું લોકાર્પણ કરવામાં આવશે


### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી મુખ્ય અતિથિવિશેષ પદે રહેશે


### દર્દીનારાયણની તમામ આધુનિક સારવાર તદ્દન નિઃશૂલ્ક કરવામાં આવશે

### સાહિત્યકાર માયાભાઈ આહીર, પૂર્વ ધારાસભ્ય અંબરિષ ડેર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી













અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં સાવરકુંડલા બાદ આગામી ૧૩ મેનાં રોજ રાજુલા ખાતે દર્દીનારાયણની નિઃશૂલ્ક સારવાર કરવાનાં ઉમદા હેતુથી પૂ. મોરારિબાપુનાં પાવન હસ્તે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં શ્રી રામકૃષ્ણ આરોગ્ય સેવાટ્રસ્ટ અને શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરનો લોકાર્પણ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

રાજુલાવિસ્તાર ભૌગોલિક દ્રષ્ટિએ ઘણો વિશાળ છે. અહીં વસતા આર્થિક દ્રષ્ટિએ સામાન્ય પરિવારનાં લોકો માટે લાંબા સમયથી એક અત્યાધુનિક મલ્ટી–સ્પેશિયાલિટી હોસ્પિટલની તાતી જરૂરિયાત વર્તાતી હતી. નાગરિકોની આરોગ્ય સુવિધાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રાજુલામાં એક વિશાળ અને નિઃશુલ્ક ''મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર મલ્ટી–સ્પેશિયાલિટી હોસ્પિટલ'' નિર્માણ કરવામાં આવ્યું છે.

આ હોસ્પિટલમાં તમામ પ્રકારની બીમારીઓના નિદાન–સારવાર–દવાઓથી લઈને અત્યંત જટિલ સર્જરીઓ દર્દીનારાયણ પાસેથી એકપણ રૂપિયો લીધા વિનામૂલ્યે કરવામાં આવશે. માત્ર સારવાર–દવાખો જ નહીં, પરંતુ હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને તેમની સાથે આવતા સ્વજનો માટે પૌષ્ટિક ભોજનની સેવા પણ તદન નિઃશુલ્ક આપવામાં આવશે.

માનવતાનાં આ નૂતન સેવાયજ્ઞનાં સાક્ષી બનવા અને લોકાર્પણ કાર્યક્રમમાં સહભાગી થવા માટે સાહિત્યકાર માયાભાઈ આહીર, પૂર્વ ધારાસભ્ય અંબરિષ ડેર, અજયભાઈ મહેતા, અનિશભાઈ મહેતા, પ્રવિણભાઈ લહેરી, બિપિનભાઈ લહેરી, હરેશભાઈ મહેતા, દિવ્યકાંતભાઈ સુચકે અનુરોધ કર્યો છે.

**માનવ સેવાના આ યજ્ઞમાં વિવિધ વિભાગો દ્વારા આપવામાં આવનારી આરોગ્ય સેવા રાજુલા પંથકનાં જરૂરિયાતમંદ લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.**

- OPD ડિપાર્ટમેન્ટ
- ડાયાલિસિસ ડિપાર્ટમેન્ટ
- ગાયનેકોલોજી ડિપાર્ટમેન્ટ
- પીડિયાટ્રીક ડિપાર્ટમેન્ટ
- ઓર્થોપેડિક ડિપાર્ટમેન્ટ
- ઓપ્થેલ્મોલોજી ડિપાર્ટમેન્ટ
- સાયકોથેરેપી ડિપાર્ટમેન્ટ
- કેન્સર ડિપાર્ટમેન્ટ
- સર્જિકલ ડિપાર્ટમેન્ટ
- રેડિયોલોજી ડિપાર્ટમેન્ટ
- પેથોલોજી ડિપાર્ટમેન્ટ
- ડેન્ટલ ડિપાર્ટમેન્ટ
- મેડિસન ડિપાર્ટમેન્ટ
- હોલિસ્ટિક ડિપાર્ટમેન્ટ

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
**દુકાન વેચવાની છે...**
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

## રાજુલા, જાફરાબાદ અને ખાંભા વિસ્તારના સેવાભાવી મહાનુભાવોને રાજુલાનો સાદ....

# | હાર્દિક નિમંત્રણ |

શ્રી રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ દ્વારા સ્થાપિત અને શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત

## મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર

(તદ્દન નિઃશુલ્ક મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ - રાજુલા)ના લોકાર્પણ કાર્યક્રમમાં સૌ સ્નેહીજનોને હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

રાજુલા વિસ્તાર ભૌગોલિક દૃષ્ટિએ ઘણો વિશાળ છે. અહીં વસતા આર્થિક દૃષ્ટિએ સામાન્ય પરિવારના લોકો માટે લાંબા સમયથી એક અત્યાધુનિક મલ્ટી-સ્પેશિયાલિટી હૉસ્પિટલની તાતી જરૂરિયાત વર્તાતી હતી. નાગરિકોની આરોગ્ય સુવિધાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રાજુલામાં એક વિશાળ અને નિઃશુલ્ક "મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર મલ્ટી-સ્પેશિયાલિટી હૉસ્પિટલ" નિર્માણ કરવામાં આવ્યું છે, જેનું લોકાર્પણ વિશ્વવંદ્ય પૂજ્ય મોરારિબાપુના પાવન હસ્તે આગામી તારીખ ૧૩ મે ૨૦૨૬, બુધવારના રોજ સંપન્ન થશે.

આ હોસ્પિટલમાં તમામ પ્રકારની બીમારીઓના નિદાન - સારવાર - દવાઓથી લઈને અત્યંત જટિલ સર્જરીઓ દર્દીનારાયણ પાસેથી એકપણ રૂપિયો લીધા વિનામૂલ્યે કરવામાં આવશે. માત્ર સારવાર - દવાઓ જ નહીં, પરંતુ હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને તેમની સાથે આવતા સ્વજનો માટે પૌષ્ટિક ભોજનની સેવા પણ તદ્દન નિઃશુલ્ક આપવામાં આવશે.




## મંગલ લોકાર્પણ:-
## તારીખ : 13 મે 2026, બુધવાર | સમય: સવારે 11.00 વાગ્યે


**માનવ સેવાના આ યજ્ઞમાં વિવિધ વિભાગો દ્વારા આપવામાં આવનારી આરોગ્ય સેવા રાજુલા પંથકના જરૂરિયાતમંદ લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.**

- OPD ડિપાર્ટમેન્ટ
- ડાયાલિસિસ ડિપાર્ટમેન્ટ
- ગાયનેકોલોજી ડિપાર્ટમેન્ટ
- પીડિયાટ્રીક ડિપાર્ટમેન્ટ
- ઓર્થોપેડિક ડિપાર્ટમેન્ટ
- ઓપ્થેલ્મોલોજી ડિપાર્ટમેન્ટ
- સાયકોથેરેપી ડિપાર્ટમેન્ટ
- કેન્સર ડિપાર્ટમેન્ટ
- સર્જિકલ ડિપાર્ટમેન્ટ
- રેડિયોલોજી ડિપાર્ટમેન્ટ
- પેથોલોજી ડિપાર્ટમેન્ટ
- ડેન્ટલ ડિપાર્ટમેન્ટ
- મેડિસિન ડિપાર્ટમેન્ટ
- હોલિસ્ટિક ડિપાર્ટમેન્ટ

**પરમ પૂજ્ય મોરારિબાપુના પાવન હસ્તે**



મુખ્ય અતિથિ વિશેષ -



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રીશ્રી - ગુજરાત રાજ્ય



**શ્રી હર્ષભાઈ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી - ગુજરાત રાજ્ય

માનવતાના આ નૂતન સેવાયજ્ઞના સાક્ષી બનવા અને લોકાર્પણ કાર્યક્રમમાં સહભાગી થવા રાજુલાના સેવાભાવી મહાનુભાવોને અમે ભાવભીનું હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ. માનવસેવાના આ મંગલકારી અવસરે આપ જરૂરથી પધારી કાર્યક્રમની શોભા વધારશો તેવી સૌને આગ્રહભરી વિનંતી છે. આપની ઉપસ્થિતિ આ સેવાકાર્યના ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરશે.

**શુભેચ્છકો:- સ્વ. અનિલકુમાર નંદલાલ મહેતા, શ્રી અંબરીષભાઈ ડેર, શ્રી માયાભાઈ આહિર, શ્રી અજયભાઈ મહેતા, શ્રી અનિશભાઈ મહેતા શ્રી પ્રવીણભાઈ કનુભાઈ લહેરી, શ્રી બીપીનભાઈ લહેરી, શ્રી હરેશભાઈ મહેતા, શ્રી દિવ્યકાંત સૂચક**

વધુ વિગતો માટે સંપર્ક કરો:- શ્રી હરેશભાઈ મહેતા:- મો. નં. 8291671111

## ૩ દિવસમાં માનતાનાં નામે ૧૦૪ બોકડાનાં જીવ બચાવાયા

# અમરેલીમાં ૫૦, ગોંડલમાં ૬૦ અને ચોરવાડમાં ૩૦ પશુબલી અટકાવતું વિજ્ઞાન જાથા

**પશુબલી કરનાર જ્ઞાતિ સમાજનાં જાગૃતોએ માહિતી આપતા થયો પર્દાફાશ**

**અમરેલીમાં રાત્રિનાં ૨ કલાકે, ગોંડલમાં રાત્રિનાં ૧૨ કલાક સુધી કાર્યવાહી કરાઈ**

**જ્ઞાતિ સમાજનાં આગેવાન ભુવાએ પશુબલી બંધની જાહેરાત કરી**

**માનતાનાં નામે પશુ-પક્ષીની બલી કાનૂની અપરાધ : જાથા**



અમદાવાદ, તા. ૯

દેશભરમાંપશુ–પક્ષીની બલી અટકાવવાનું અભિયાન ભારત જન વિજ્ઞાન જાથાની રાજય–રાષ્ટ્રીય કચેરી અંતર્ગત ચાલી રહ્યું છે. તેના ભાગરૂપે અમરેલી, ગોંડલ, ચોરવાડમાં સામુહિક પશુબલી અટકાવવામાં સ્થાનિક પોલીસ તંત્ર મદદરૂપ થવાથી જાથાને ૧૪૦ બોકળાના જીવ બચાવવામાં સફળતા મળી હતી. જ્ઞાતિ સમાજના આગેવાન–ભુવાએ પશુબલી બંધની લેખીત કબુલાત આપી બંધની જાહેરાત કરી હતી. જાથા અને પોલીસ તંત્રે રાત્રિના ૧૨ કલાકથી સવાર સુધીમાં નિર્દોષ પશુઓના જીવ બચાવી વ્યવસ્થા કરી હતી.

બનાવની વિગત પ્રમાણે અમરેલી, ગોંડલ, ચોરવાડ એક જ જ્ઞાતિ સમાજના જાગૃતોએ જાથાના કાર્યાલયે માહિતી આપી હતી. તેમાં દર વર્ષે પરંપરા–માન્યતા અને માનતાના નામે સામુહિક પશુબલીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ભુવા મંડળી તેના સમર્થકો પશુબલીમાં શ્રદ્ધા ધરાવે છે જયારે યુવાવર્ગ આ માન્યતામાં ફેરફાર ઈચ્છી પશુબલી બંધ થાય તેવા પ્રયત્નો કરી રહ્યું છે તેથી જ્ઞાતિના સમાજ સુધારકે અમરેલીમાં ૫૦ બોકળાથી વધુ જયારે ગોંડલમાં ૬૦ બોકળાથી વધુ અને ચોરવાડમાં ૩૦ બોકળાની માનતા હોય મધ્ય રાત્રિ બાદ પશુબલી થવાની છે તેવી માહિતી આધાર–પુરાવા સાથે ગુગલ મેપ આપી જાથા અકાટવે તેવી વાત મુકી હતી. અમારી જ્ઞાતિ માંસાહારને પ્રાધાન્ય આપે છે. અમરેલીમાં એક હજાર, ગોંડલમાં બે હજાર, ચોરવાડમાં સાતસોથી આઠસો માતાજીના શ્રદ્ધાળુઓની હાજરી હોય તે સંબંધી પુરાવા સરનામા આપ્યા હતા. માનતાના બોકળાની પ્રસાદ માંડવાની બહાર લઈ જવાતા નથી તેથી શ્રદ્ધાળુઓના ભોજન સાથે આપવામાં આવે છે. બોકળા તેને કાપવાના સાધનોનો વિડીયો આપી તૈયારીનો ઉલ્લેખ કર્યો હતો. અમો ચુનારા જ્ઞાતિના હોય દર વર્ષે આયોજન કરી પશુબલીમાં માતાજીને બોકળાના ડોકા–માથા ધરવામાં આવે છે. બોકળાની ધ્રુજારીની સંમતિ પછી કાપવામાં આવે છે.

ચુનારા જ્ઞાતિના જાગૃતે નામ ન આપવાની વાત મુકી જણાવ્યું કે વિજ્ઞાન જાથા આવશે તેવા ડરથી જુદી જુદી જગ્યાએ બોકળા બાંધવામાં આવ્યા છે. સૌ પ્રથમ એક બોકળાને માતાજીની સન્મુખ રાખી બાકીના બોકળાના કાનની કિનારી કાપી ધરાવવામાં આવશે. જ્ઞાતિના ભુવા દાણા પાડી માતાજીની મંજુરી લેવાના છે. બોકળાની વિધિ શરૂ થાય તે પહેલા જાથા આવી જાય તો પશુબલી અટકે તેમ છે તેવી વાત મુકી હતી. પશુબલી સ્થળ આસપાસ રસ્તામાં માનતા વાળાના સદસ્યો ઉભા રહી દેખરેખ રાખે છે તેના નામો આપવામાં આવ્યા હતા. ત્રણેય માનતાની જગ્યાએ બિનઅધિકૃત રીતે એકસો બોકળાની બલી સંબંધી વાત કરી જીવ બચાવવા મદદ માંગી હતી. માહિતી આપનારે મંડપમાં બોકળા બાંધ્યા છે તેનો વિડિયો–ફોટોગ્રાફી આપી હતી. સૌ પ્રથમ એક બોકળાનો વધ કરી તેનો પ્રસાદ ભોજનમાં ભેળવી દેવામાં આવશે. પ્રસાદ લેવા મોટી સંખ્યામાં લોકો આવી ગયા છે. ૫૦ થી ૬૦ બોકળાની કાનની બુટ કાતરથી કાપી લોહીવાળી માતાજીને ધરવામાં આવશે તે માતાજી પ્રસન્ન થાય તો ભુવાના શરીરમાં ધ્રુજારી આવે છે. બાદ બોકળાને અબીલ–ગુલાલ–કંકુથી નવડાવી તેને ધ્રુજારીનો પરચો માતાજી આપશે તેવી હકિકત કહી હતી. સ્થળ ઉપર જાથા આવી જાય તો હાજર સૌએ સુવાનો ઢોંગ કરવો તેવું નક્કી કરવામાં આવ્યું છે. પોલીસ સ્ટાફ ઓછો હોય તો લાઈટો બંધ કરી હુમલો કરવો તેવું નક્કી કરવામાં આવ્યુ હતું. સમાજ સુધારકો કોઈપણ ભોગે પશુબલી અટકાવવા જાથા પાસે મદદની માંગ કરી હતી.

જાથાના ચેરમેન–એડવોકેટ જયંત પંડયાએ રાજયના મુખ્યમંત્રી, ઉચ્ચ અધિકારીઓને, જિલ્લા પોલીસ વડા, આઈ.જી.પી. ને પત્ર પાઠવ્યો હતો અને અમરેલી પો. ઈન્સ. એમ.એચ. ઝાલા, ગોંડલ એ ડિવીઝનના જે.આર. ઝાલા, બી ડિવીઝનના જે.પી. રાવ, ચોરવાડના જી.આઈ. રાઠોડને પત્ર સાથે મોબાઈલ ઉપર વાત કરવામાં આવી હતી. જેથી અમરેલીમાં પોલીસ સ્ટાફની ફાળવણીમાં પી.એસ.આઈ. એન.બી. ભટ્ટ, એ.એસ.આઈ. થવદભાઈ ચૌહાણ, એ.એસ.આઈ. જયસુખભાઈ, હેડ કોન્સ્ટે. પરવેજભાઈ સૈયદ, હેડ કોન્સ્ટે. અમાનભાઈ કાજી, પો. કોન્સ્ટે. રવિભાઈ વાળા, મહિલા પોલીસ કર્મીઓ અને ગોંડલમાં હેડ કોન્સ્ટે. સિધ્ધરાજસિંહ સહિત એ અને બી ડિવીઝનમાંથી પોલીસની ફાળવણી કરવામાં આવી હતી.

રાજકોટથી જાથાના જયંત પંડયાના વડપણ હેઠળ રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, શૈલેષભાઈ ગોબરભાઈ શેખ, રવિ પરબતાણી, અંકલેશ ગોહિલ, ભાનુબેન શેઠીયા, ભકિતબેન રાજગોર પશુબલી અટકાવવા રવાના થયા.

અમરેલીમાં ચુનારા ડેલામાં માંડવો, માતાજીનું સ્થાનક હતું ત્યાં પોલીસ, જાથા ત્રાટકયું, ગમે તે કારણોસર આયોજકોને વિજ્ઞાન જાથાની ખબર પડી જતાં બોકળા કાપવાના સાધનો રફેદફે કરી નાખ્યા. માંસાહારના તપેલા હતા તેમાં અમારૂં રોજીંદું ખાવાનું હોય રાખ્યું છે તેવી દલીલ કરવામાં આવી ત્યાંથી આગેવાન–ભુવા મગનભાઈ મણીભાઈ બાંભણીયા અમરેલી અને મહેશભાઈ દાનાભાઈ ડોડીયા ખીરસરા જેતપુરને પોલીસ વાનમાં બેસાડી પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યા. બંનેએ કબુલાતનામામાં પશુબલીની કબુલાત આપી કાયમી બંધની જાહેરાત કરી દીધી. આશરે ૫૦થી વધુ બોકળાની વ્યવસ્થા મગનભાઈએ કરી હતી. પશુબલીની ઘટના બની ન હોય પોલીસે પુછપરછ કરી હતી. હાજર બોકળા જીવિતની સલામતી રાખવામાં આવી હતી. ગોંડલ નદી કાંઠે નવું મેલડી માતાજીનું મંદિર બનાવ્યું હોય મોટો ધાર્મિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બે હજારથી વધુ શ્રદ્ધાળુઓની હાજરી હતી. તે સ્થળે વિજ્ઞાન જાથાની ટીમ અને ગોંડલ સીટી એ, બી ડિવીઝનના પોલીસ કર્મીઓ, હથિયારધારી પોલીસ સાથે મહિલા પોલીસ કર્મીઓ પહોંચી ગયા. ત્યાં દિલીપભાઈ મનસુખભાઈ ઓળવીયા, ચુના ભઠ્ઠી પાસે, ગોંડલ અને સુરેશ દોલુભાઈ રાઠોડ, કોઠારીયા સોલવન્ટ, ગોંડલ રોડ, રાજકોટ શ્રદ્ધાળુઓ હાજર હતા. શરૂમાં નાસભાગ મચી ગઈ, રસ્તામાં ખબરદારીએ જાથા–પોલીસ વાન આવે છે તેવી માહિતી આપતા બધું સગેવગે કરી દીધું. આગેવાને જાથાને કીધું કે અમારો માંસાહારનો ખોરાક છે તેથી વ્યવસ્થા છે. જાથાએ મંડપમાં બાંધી રાખ્યા હતા તે બોકળાના ફોટા–વિડીયો બતાવ્યો. નવા મંદિરે શ્રદ્ધાળુઓ એકઠા થવા લાગ્યા. આયોજકો હાથ જોડી માફી માગવા લાગ્યા. અચાનક જગ્યા ઉપર બધી લાઈટ, રોશની બંધ કરી દેવામાં આવી. જાથા અને પોલીસ પરિસ્થિતિનો તાગ મેળવી લીધો. પચાસથી વધુ બોકળા જીવિત હોય બાંહેધરી લઈ વ્યવસ્થા કરવામાં આવી. પોલીસ સ્ટેશને દિલીપભાઈ મનસુખભાઈ ગોંડલ તથા સુરેશ દોલુભાઈ રાઠોડ, રાજકોટે કબુલાતનામામાં સહી કરી પશુબલી બંધની જાહેરાત કરી દીધી. ચોરવાડ પોલીસ ઈન્સ્પેકટર જી. આઈ. રાઠોડ સાથે વાત કરી રાજકોટ ટીમ રવાના થઈ પશુબલી સ્થળે જાથા આવે છે તેવી ખબર પડતા આયોજકોએ બોકળાને સલામત જગ્યાએ ફેરવી નાંખી તમામ ધાર્મિક કાર્યક્રમો બંધની જાહેરાત કરી મંડપ છોડવાનું કામ શરૂ કરી દીધું. જાથાની ટીમ રસ્તામાં હોય સમાજ સુધારકે સમગ્ર હકિકતથી વાકેફ કરી એક જીવ કપાયો નથી, શ્રદ્ધાળુઓ વિખેરાઈ ગયા છે. પશુબલીનો પ્રસાદ લેવા આવેલાઓએ જે વાહન મળ્યું તેમાં પોતાના ઘરે ગામમાંથી ચાલતી પકડી હતી. જાથાએ પો. ઈન્સ. રાઠોડ સાથે વાત કરી અંતિમ નિર્ણયમાં નિર્દોષ જીવ બચી ગયા છે હવે પરત ફરવાનું નક્કી થયું.

અમરેલી, ગોંડલ, ચોરવાડમાં પશુબલીમાં બોકળાનો મોટો સમુહ રાખવામાં આવ્યો હતો પરંતુ જાથાના કારણે તમામ જીવ બચી ગયા હતા. જાથાએ અમરેલી, જુનાગઢ, રાજકોટ પોલીસ અધિક્ષકનો આભાર માન્યો હતો.

ગોંડલમાં પોલીસ સિધ્ધરાજસિંહ, રાણાભાઈ સહિત પોલીસ સ્ટાફે ઉત્કૃષ્ઠ કામગીરી કરી હતી. જાથાના અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, શૈલેષભાઈ શેખ અને રોમિત રાજદેવ, ભાનુબેન શેઠીયા સહિત સ્થાનિક કાર્યકરોએ પરિસ્થિતિ મુજબ કામગીરી કરી હતી. રાજયમાં પશુબલીની માહિતી મો.નં. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર આપવી.

---

### સાંસદ ભરત સુતરીયાની અધ્યક્ષતામાં

## અમરેલીના રેલ્વેના પ્રશ્નોને લઈ મહત્વપૂર્ણ બેઠક યોજાય

**રેલ્વેના અન્ડરપાસની સમસ્યાઓ, ટ્રાફિક સુરક્ષા અને જનસુવિધા મુદ્દે વિસ્તૃત ચર્ચા**



અમરેલી, તા. ૯

અમરેલી કલેકટર કચેરી ખાતે અમરેલીના સાંસદ ભરત સુતરીયાની અધ્યક્ષતામાં રેલવે સંબંધિત વિવિધ પ્રશ્નોને લઈને એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રેલવે વિભાગના અધિકારીઓ સાથે અમરેલી શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં રેલવે વ્યવસ્થા, અન્ડરપાસ સુવિધાઓ અને જનસુરક્ષા સંબંધિત મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન ખાસ કરીને અમરેલી શહેરના કેરીયા રોડ, લીલીયા રોડ અને હનુમાનપરા વિસ્તારોમાં આવેલા અન્ડરપાસના ચાલતાં કામથી સ્થાનિક લોકોને અવરજવરની મુશ્કેલીઓ પડી રહી હોય તે અંગે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત અમરેલી તાલુકાના શેડુભાર ગામ નજીક અન્ડરપાસ તથા ખીજડીયા–રાદડીયા ગામનાં અન્ડરપાસના કામોમાં ઉભી થયેલી સમસ્યાઓ અને વિકાસકાર્યોની હાલની સ્થિતિ અંગે અધિકારીઓ સમક્ષ વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી.

વાહન ચાલકો અને સ્થાનિક નાગરિકોની સુરક્ષાને પ્રયાનમાં રાખી જરૂરી સ્થળોએ સ્પીડ બ્રેકર યોગ્ય બનાવવાની જરૂરિયાત તેમજ ટ્રાફિક સુરક્ષા સંબંધિત અન્ય મુદ્દાઓ પર પણ બેઠકમાં વિચારણા કરવામાં આવી હતી. રેલવે વિભાગના અધિકારીઓને વિવિધ પ્રશ્નોના ઝડપી અને યોગ્ય નિરાકરણ માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

સાંસદ ભરતભાઈ સુતરીયાએ રેલવે સંબંધિત પ્રશ્નોના સમયબદ્ધ ઉકેલ માટે સંકલન સાથે કામગીરી કરવા ભાર મૂકયો હતો. સાથે જ પ્રજાને વધુ સુવિધાસભર અને સુરક્ષિત વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે માટે વિકાસલક્ષી કામોમાં ગતિ લાવવા અનુરોધ કર્યો હતો.

બેઠકમાં હાજર અધિકારીઓએ રજૂ થયેલ પ્રશ્નોને પ્રાથમિકતા આધારે તપાસી જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. જનસુવિધા વધે અને રેલવે સંબંધિત સમસ્યાઓનો સ્થાયી ઉકેલ આવે તે માટે સંકલિત પ્રયાસોની જરૂરિયાત પર પણ ભાર મુકાયો હતો.

---

## નાગેશ્રીમાં જાહેરમાં જુગાર રમતાં ૧૦ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૯

જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામે રહેતા રાજેશ નટુભાઈ જોષીસહિતદસઈસમોગતતા. ૮નાંરોજ રાત્રે ૨ વાગ્યાનાં સમયે નાગેશ્રી ગામે પહેલીપાટીહનુમાનજીડેરીસામેરહેતા રાજેશભાઈ જોષીના ઘર પાછળ જાહેરમાં પૈસા વડે તીનપતીનો હારજીતનોજુગારરમતાહોય. આઅંગે સ્થાનિકપોલીસનેબાતમીમળતાંપોલીસે દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૪૦,૫૦૦તથા જુગાર લગત મુદામાલ સાથે તમામ આરોપીઓને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહીહાથ ધરીહતી.

---

### એડવોકેટ સંદીપ પંડયાની ધારદાર દલીલોને પગલે

## બાબરા સ્કૂલના સંચાલક સામે પોકસો કેસ કોર્ટમાં ટકી શકયો નહીં

**આરોપીને નિર્દોષ જાહેર કરાયા**

બાબરા, તા. ૯

બાબરાની સ્કુલના સંચાલક સામે દાખલ થયેલ પોકસો કેસનાં આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ થયેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, બાબરા પાસે આવેલ કોટડાપીઠા ગામ માં આવેલ રિધ્ધિ સિધ્ધિ વિદ્યાલયનાં અંગ્રેજી શિક્ષક સામે એક સગીર વિદ્યાર્થીનાં વાલીઓ દ્વારા અડપલાં અને જાતીય સતામણીની ફરિયાદની આ ઘટના પ્રકાશમાં આવતા ઉહાપોહ મચી ગયો હતો. તાત્કાલિક આરોપીની ધરપકડ કરી લેવામાં આવી હતી.

ત્યારબાદ આ કેસ અમરેલીની સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં ચાલ્યો હતો. આરોપી તરફે વિદ્વાન વકીલ સંદીપ પંડ્યા રોકાયેલ હતા.

તેમણે બારીકાઈથી દરેક સાક્ષી અને દસ્તાવેજોને તપાસીને કોર્ટ સમક્ષ આરોપી નિર્દોષ હોવાની દલીલો કરેલ હતી.

સાક્ષીઓને તપાસતા તેઓ



ફરી ગયા હતા જયારે ફરિયાદી પરિવારે પણ "જાતીય દુરવ્યવહાર"ની ફરિયાદ માત્ર શંકાનાં આધારે કરી હોય તેમ તેવું તપાસ કરતા પુરાવાના અંતે ખુલ્યું હતું.

અદાલતમાં સ્પષ્ટ થયું હતું કે વિદ્યાર્થીનું સ્કૂલમાં નહિં જવાનું કારણ જાતીય દુરવ્યવહાર નહિં પરંતુ અંગ્રેજીનાં શિક્ષકનું અભ્યાસ અંગેનું કડક વલણ હતું.

આમ આ બાબત અદાલતમાં સાબિત થતાં સ્પેશ્યલ પોક્સો કોર્ટ દ્વારા આરોપી અંગ્રેજી શિક્ષક શૈલેષ ખુંટને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

---

### ભાઈ અને બહેન વચ્ચેનો લાગણીભર્યો સંબધ

## વડિયામાં ૨૦ વર્ષ સુધી સેવા કર્યા બાદ બહેનોએ અંતિમયાત્રામાં કાંધ આપી

**માતા–પિતાનાં નિધન બાદ જવાબદારી બહેનોએ સંભાળી**



અમરેલી, તા. ૯

વડીયા ખાતે બહેન અને ભાઈના અતૂટ પ્રેમનું હૃદયસ્પર્શી ઉદાહરણ સામે આવ્યું છે. માતા–પિતાના અવસાન બાદ છેલ્લા ૨૦ વર્ષથી બીમાર ભાઈની સેવા અને સંભાળ રાખનાર બે બહેનોએ ભાઈના અવસાન પછી તેની અંતિમ યાત્રામાં કાંધ આપી માનવતા અને લાગણીનું અનોખું ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

માતા–પિતાના નિધન બાદ પરિવારની તમામ જવાબદારીઓ બંને બહેનોએ સંભાળી હતી. ભાઈ છેલ્લા ઘણા વર્ષોથી બીમારીથી પીડાઈ રહ્યા હતા, ત્યારે બહેનોએ માતા–પિતાની જેમ તેમની સેવા કરી હતી. દવાઓથી લઈને રોજિંદી જરૂરિયાતો સુધીની તમામ જવાબદારીઓ તેમણે પ્રેમ અને સમર્પણથી નિભાવી હતી.

તાજેતરમાં ભાઈનું અવસાન થતાં બંને બહેનોએ અંતિમ વિધિ દરમિયાન પણ માતા–પિતાની ફરજો અદા કરી હતી. સ્મશાન યાત્રામાં ભાઈને કાંધ આપતા દ્રશ્યો જોઈ લોકોની આંખો ભીની થઈ ગઈ હતી. સમાજમાં આજે પણ સંબંધો અને લાગણીઓ જીવંત છે તેનું આ અનોખું ઉદાહરણ બન્યું છે.

વડીયાની આ ઘટનાએ લોકોમાં ભાવુકતા ફેલાવી છે અને બહેનોના ત્યાગ, પ્રેમ અને ફરજ પ્રત્યેના સમર્પણને સૌ કોઈ સલામ કરી રહ્યા છે.

---

### કાળઝાળ ગરમી વચ્ચે દોડધામ મચી

## અમરેલી : ભારતનગર વિસ્તારમાં આવેલ ભંગારનાં ઢગલામાં ભીષણ આગથી અફડાતફડી મચી

**ફાયર ટીમે ૩ કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો**




અમરેલી, તા. ૯

અમરેલી શહેરમાં કાળઝાળ ગરમી વચ્ચે આગ લાગવાની ઘટનાઓમાં વધારો નોંધાઈ રહ્યો છે. ત્યારે આજે બપોરે અમરેલીના કુંકાવાવ રોડ પર આવેલ ભારતનગર વિસ્તારમાં વેસ્ટ ચંપલના ભંગારના ઢગલાઓમાં ભીષણ આગ લાગતાં આ વિસ્તારમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં અમરેલી ફાયર બ્રિગેડ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી.

મળતી માહિતી મુજબ આજે બપોરે અંદાજે ૩ વાગ્યાના સમયે અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનિક જાણ કરવામાં આવી હતી કે ભારતનગર વિસ્તારમાં ભંગારના મોટા ઢગલામાં આગ ભભૂકી ઉઠી છે. આગની ઘટનાની જાણ થતાં જ ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની આગેવાની હેઠળ અમરેલીનો ફાયર સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

ઘટનાની ગંભીરતા અને આગના વધતા પ્રકોપને ધ્યાનમાં રાખી વધુ ત્રણ ફાયર વ્હીકલ ઘટના સ્થળે મોકલવામાં આવ્યા હતા. ફાયર ટીમ દ્વારા સતત ત્રણ કલાક સુધી પાણી અને ફોમનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. આગના કારણે સમગ્ર વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા. અને આસપાસના લોકોમાં પણ ભયનો માહોલ સર્જાયો હતો.

સદનસીબે આ દુર્ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાની થવા પામી નથી. આગમાં કેટલું નુકસાન થયું છે તે અંગે પણ હજુ સુધી કોઈ સત્તાવાર વિગત જાહેર કરવામાં આવી નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ પણ હજુ જાણી શકાયું નથી અને ફાયર વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

આ આગ બુઝાવવાની કામગીરીમાં ફાયર સ્ટાફના હિંમતભાઈ બાંભણિયા, પ્રવીણભાઈ ચૌહાણ, નિલેશભાઈ સાનિયા, રણજીતભાઈ સગર, કમલેશભાઈ જોશી, કૃષ્ણભાઈ ઓળકિયા, સવજીભાઈ ડાભી તથા હર્ષભાઈ ચાવડાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# આજા રે... પ્યાર પુકારે.. નૈના જો.રો.રો.. હારે.. કોઈ ના જાને દર્દ મેરા ચમન હોગા નહીં ખાલી.. બદલ જાયે અગર માલી બહારે ફીર ભી આએગી યે દિલ હૈ. મુહબત કા પ્યાસા.. ઇસ દિલ કા તડપના ક્યાં કહીયે...


**ફિલ્મી સફર (એક ઈતિહાસ)**

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

**પ્રકરણ .. ૨૮૪, - ૧૯૬૫**

**પ્રિય વાચક મિત્રો,**

૧૯૬૬ના ફિલ્મી સફરમાં આપણે ધીમે ધીમે આગળ વધી આગામી અંકથી વર્ષની સુપર હિટ ફિલ્મો તરફ જશું. આજે બે ફિલ્મોની વાત કરીશું. જેમાં એક ફિલ્મ હિટ છે, પણ ૧૯૬૬ના વર્ષની એક થી વીસ ફિલ્મોમાં તેનો ઉલ્લેખ નથી. બોલો કેમ ? તે સમયના દર્શકો ફિલ્મના કલાકારોની સાથે ફિલ્મના નિર્દેશક, સંગીત કાર વિષે જાણી ફિલ્મ જોવા જતાં. આજે જે ૬૦ કે ૬૫ વર્ષના વાચક હશે તેમને ખ્યાલ હશે કે જે ફિલ્મ પાછળથી સફળતા મેળવે તેને ફરી પ્રદર્શિત કરતાં હતા. આજની ફિલ્મોની જેમ ત્યારની ફિલ્મોની ઈમેજ નબળી ના હતી. આજે તો કોઈ ફિલ્મ સફળ થાય ૫૦૦ કરોડનો નફો કરે, અને એક કે બે મહિનામાં ફિલ્મોના કાટમાળમાં જતી રહે, ત્યારબાદ તે ફિલ્મોને કોઈ યાદ ના કરે. ૧૯૫૫થી જે ફિલ્મો પેહલા સફળ ના રહે, પણ આગળ જતાં સફળ થાય તેને ફરી સિનેમા ઘરમાં લાવવામાં આવતી હતી. આજની ફિલ્મ દિલને ફીર યાદ કિયા તેનું ઉદાહરણ છે, આ ફિલ્મના નિર્માતા અને નિર્દેશક નવા હતા, અને સંગીત કાર પણ નવા હતા. કહાની પણ થોડી અટપટી હતી. અને ફિલ્મ રીલીઝ સમયે સફળ ના રહી. પણ ફિલ્મના ગીતો ધીમે ધીમે લોકપ્રિય થતાં ગયા, અને ૩૦ લાખની બનેલ ફિલ્મ ૧ કરોડ કરતાં વધુ કમાણી કરી ગઈ, આજે પણ કોઈ યાદગાર મ્યુજિકલ શો હોય તો શોનું ટાઈટલ દિલને ફીર યાદ કિયા રખાય છે. રફી સાહેબ, સુમન જી અને મુકેશ જીના સ્વરનું ગીત ફિલ્મને સફળતા તરફ લઈ ગયું હતું.ફિલ્મ પહેલા સફળ ના થઈ કારણ કે, ફિલ્મના નિર્માતા, નિર્દેશક, સંગીત કાર નવા હતા, સાથે ધર્મેન્દ્ર અને નુતન બન્નેના ડબલ રોલ, અને ધર્મેન્દ્રને એક એકસન હીરોની સાથે કોમેડિયન રોલમાં દર્શકોએ પસંદ ના કર્યા. સાથે ફિલ્મની કહાની




જેમાં એક દોસ્ત તેના જિગરી દોસ્તની ઝીંદગી બચાવવા માટે તેની પત્નીને તેના દોસ્તની પ્રેમિકા બનાવે તે વાત તે સમયના દર્શકોને પસંદ ના પડી. અને ફિલ્મ પહેલા સફળ ના રહી, પણ ધીમે ધીમે ગીત લોકપ્રિય થયા, ધર્મેન્દ્રની એકસન હીરો રૂપે બીજી ફિલ્મો સફળ રહી અને દર્શકોએ ફિલ્મ નિહાળી, ધરમ, નુતન અને રેહમાનના અભિનયને પસંદ કર્યો. તે સમયે ફિલ્મના ગીત અને સંગીત ફિલ્મને સફળ તા તરફ લઈ જતાં તેનું આ ફિલ્મ બેજોડ ઉદાહરણ છે.દિલને ફીર યાદ કિયા - ફિલ્મના નિર્દેશક સી એલ રાવલ અને નિર્માતા જી એલ રાવલ હતા, આ પેહલા સી એલ રાવલની દિલ હી તો હૈ, ફિલ્મ જે રાજ કપૂર સાથે હતી જે સફળ રહી ના હતી. ફિલ્મના સંગીત કાર સોનિક ઓમી હતા. થોડું જાણીએ સોનિક ઓમી. વિષે. સોનિક એટ્લે માસ્ટર સોનિક અને ઓમી એટ્લે ઓમ પ્રકાશ શર્મા (સોનિક), બન્ને કાકા અને ભત્રીજા હતા.

ઓમ પ્રકાશનો જન્મ ૧૯૪૮માં સિયાલ કોટમાં થયો હતો, તેઓ ભારત આવ્યા અને તેમને સંગીતની રૂચિ મુંબઈ લઈ આવી. સંગીત કાર રોશનના તેઓ સહાયક હતા. કાકા માસ્ટર સોનિક સંગીત સાથે જોડાયેલા હતા. બન્નેએ ૧૯૬૬માં નાના બજેટની ફિલ્મ દિલને ફીર યાદ કિયા થી હિન્દી સિનેમામાં પ્રવેશ કર્યો, રફી સાહેબ, લતાજી, આશાજી, મહેન્દ્ર કપૂર અને મુકેશજી પાસે ગીતો સ્વર બધ્ધ કરાયા, અને તે ગીતો એ જે ધમાલ ધીમે ધીમે મચાવી કે નિષ્ફળ સાબિત થયેલ ફિલ્મ સફળ થઈ. સોનિક ઓમીએ ૮૦ કરતાં વધુ ફિલ્મોમાં સંગીત આપ્યું. માસ્ટર સોનિક ૧૯૯૩માં અને ઓમ પ્રકાશ શર્મા ૨૦૦૦માં અમર થયા. ફિલ્મમાં ધર્મેન્દ્ર (ડબલ રોલ), નુતન (ડબલ રોલ), સુંદર, ટૂનટૂન, મુમતાઝ બેગમ, આઈ એસ જોહર, લક્ષ્મી છાયા, જીવન અને રેહમાનનો અભિનય રહ્યો. ફિલ્મની કથા ટૂંકમાં જોઈએ તો, રેહમાન અને ધરમ બન્ને જિગર જાન મિત્રો છે, ધરમ તેના સોતેલા ભાઈના ત્રાસથી શહેર આવ્યો છે, તે આશુ (નુતન)ને ચાહે છે, પણ જીવનને તે પસંદ નથી, તે આશુને પામવા માંગે છે, આ બાબતે તે આશુના ભાઈ આઈ એસ જોહરની હત્યા પણ કરી દે છે. બીજી તરફ રેહમાન એક અમીર પરિવારથી છે, પણ તેની માતા એક ગાયિકા શબનમ (નુતન) સાથે તેની શાદી કરવા તૈયાર નથી એટ્લે શહેર આવ્યો છે, પણ રેહમાનની માતા તેના લગ્ન શબનમ સાથે કરવા તૈયાર થાય છે, તો તે ધરમને આશુને લઈ આવવા કહે છે, બન્ને સાથે લગ્ન કરશે તેવું નક્કી થાય છે. ધરમ ગામ જાય છે, પણ જીવન આશુનું અપહરણ કરે છે, પણ ધરમ જીવન અને તેના સાથી (જેમાં એક ગામના ગુંડા રૂપે ધર્મેન્દ્ર પણ છે) તેનો સામનો કરી ટ્રેનમાં જતાં હોય છે, તે ટ્રેનનો અકસ્માત થાય છે, અને આશુનું નિધન થાય છે. રેહમાન ધરમને ઘર લાવે છે, તેની શાદી શબનમ સાથે થઈ ચૂકી છે, ધરમ ની માનસિક હાલત બરાબર નથી અને રેહમાનને ખબર પડે છે કે આશુએ શબનમની ડુપ્લિકેટ છે, તો ધરમને જીવન દાન આપવા શબનમને આશુ બનવા મજબૂર કરે છે, શબનમ આશુ બની ધરમ સામે આવે છે, પણ પેહલા જેવો પ્રેમના મળતા ધરમ નારાજ થાય છે, સાથે રેહમાન અને શબનમને સાથે જોઈ જતાં, દોસ્તી અને પ્રેમ પર વિસ ગુમાવી દે છે, પણ શબનમના પિતા ત્યાં આવી કહે છે કે શબનમ અને આશુ બન્ને જોડિયા બહેનો બચપણમાં વિખૂટી પડી ગઈ હતી, અને આશુ જીવિત નથી. ધરમને પસ્તાવો થાય છે, તો રેહમાન આત્મ હત્યા કરવા તૈયાર થાય છે, પણ ત્યાં જીવન શબનમનું અપહરણ કરે છે, પણ ધરમ તેનો જીવ આપી શબનમ અને રેહમાનને એક કરે છે, અને પોતે આશુ પાસે પહોચી જાય છે.આ ફિલ્મના ગીતો આજેપણ લોકપ્રિય છે, જેમ કે રફી સાહેબ, મુકેશજી અને સુમનજીના સ્વરમાં દિલને ફીર યાદ કિયા ... ગીત સર્વોતમ કુતિ પૈકી એક છે, રફી સાહેબના સ્વરમાં કલિયોને ઘુંઘટ ખોલે. હર ફૂલ પે ભવરા ડોલે ...તો મુકેશજીના સ્વરમાં યે દિલ હૈ મુહબત કા પ્યાસા ઈસ દિલ કા તડપના ક્યાં કહીયે ..તો લતાજીના સ્વરમાં આજા રે. પ્યાર પુકારે ... રફી સાહેબ અને આશાજીના સ્વરમાં તું સુરજ હૈ મે તેરી કિરણ ... અને હમને જલવા દિખાયા તો જલ જાઓગે ..યાદગાર ગીતો છે, અહી ખલ નાયક




જીવન પર રફી સાહેબના સ્વરમાં પણ એક ગીત છે, જેના શબ્દો છે, યુ ચાલચલો ના મતવાલી .. ફિલ્મ ગીત સંગીત, ધર્મેન્દ્ર, નુતન અને રેહમાનના યાદગાર અભિનયથી યાદ કરાય છે.બહારે ફીર ભી આએગી - ગુરૂદતના નિધન બાદ બે ફિલ્મો અધૂરી રહી ગઈ હતી, જેમાં એક બહારે ફીર ભી આએગી, અને લવ એન્ડ ગોડ. જે બન્ને ગુરૂદતના નિધન બાદ પ્રદર્શિત થઈ પણ સફળ ના રહી. ૧૯૬૨ની સાહેબ બીબી ઔર ગુલામની ભવ્ય સફળતા બાદ ગુરૂદતે ૧૯૬૩માં બહારે ફીર ભી આએગી શરૂ કરી. આ ફિલ્મ ગુરૂદતે તેની અધૂરી ફિલ્મ પ્રેસિડેંટ પર આધારિત બનાવવાનું નક્કી કર્યું, પણ ગુરૂદતના મિત્ર અને નિર્દેશક અબરાર અલ્વિ એ ફિલ્મ કરવાની ના કહી, જિદ્દી સ્વભાવ ધરાવતા ગુરૂદતે તે ફિલ્મ માટે શાહિદ લતીફને નિર્દેશક રૂપે નક્કી કરી લીધા, અને ફિલ્મમાં પોતે નાયક અને વહિદાની જગ્યાએ માલા સિંહાને લઈ ફિલ્મ શરૂ કરી. પણ ૧૯૬૪માં તેઓનું નિધન થયું, ફિલ્મ પર તે સમયે ૧૦ લાખનું રોકાણ થઈ ગયું હતું, અને ફિલ્મ બંધ કરવી પોષાય તેમના હતી. ગુરૂદતના ભાઈ આત્મા રામે ફિલ્મ આગળ લઈ જવા વિચાર્યું, પણ વિતરકો એ કહ્યું કે જો આત્મા રામ નિર્દેશન કરશે તો તેઓ ફિલ્મમાં રોકાણ કરશે નહીં. અંતે ગુરૂદતના મિત્ર અબરાર એ ફિલ્મ નિર્માણની જવાબદારી લીધી. ગુરૂદતના ફિલ્મોમાં જેમ નિર્દેશક અબરાર કરતાં ગુરૂદત જ નિર્દેશન કરતાં તે મુજબ અહી શાહિદના બદલે અબરાર જ નિર્દેશન કરતાં હતા, આ વાત શાહિદને પસંદ ના પડી, પણ તેઓ આ મોટા પ્રોજેકટની ફિલ્મથી અલગ ના થયા. ગુરૂદત બાદ ફિલ્મનો નાયક બદલવો જરૂરી હતો, પેહલા દેવ સાહેબ, ત્યારબાદ સુનિલ દતને નાયકનો રોલ ઓફર કરાયો પણ બન્ને એ ના કહી, ધર્મેન્દ્ર સાથે ગુરૂદતના સંબંધો ખૂબ સારા હતા, તેથી ધર્મેન્દ્ર એ નાયકની ભૂમિકા માટે તૈયાર થયા, ફિલ્મનું શૂટિંગ ફરી શરૂ થયું. ફિલ્મમાં પેહલા એસ ડી બર્મનને સંગીત કાર રૂપે લેવાયા હતા, પણ તેમની તબિયતના લીધે તેમની જગ્યાએ આપી નૈયર આવ્યા, અને પેહલી વાર ગુરૂદતના બેનરની ફિલ્મમાં ગીતા દતના એક પણ ગીતને જગ્યા ના મળી. આપી અને આશાજી એટલા નજીક હતા કે હવે આપી સાહેબ આશાજી સિવાય કોઈ ગાયિકાને સ્વીકારી શકે તેમના હતા. કેફી આઝમીના ગીત અને ધર્મેન્દ્ર, માલા સિંહા, તનુઝા, દેવેન વર્મા, જહોની વોકર અને રેહમાનથી અભિનીત આ ફિલ્મ રહી. ફિલ્મની કહાની એવી છે કે માલા એક તંત્રી છે જેના પત્રકાર ધરમ એક કોલસાની ખાણ બાબત માહિતી આપે છે, પણ તે ખાણના માલિકો વર્તમાન પત્રના ભાગીદાર હોવાથી ધરમને નોકરીથી દૂર કરાય છે, પણ ખાણમાં અકસ્માત થાય છે, અને માલા પસ્તાવા સાથે ધરમને ફરી સહ તંત્રી બનાવે છે, સાથે પ્રેમ પણ કરવા લાગે છે, માલાને રેહમાન જે તે વર્તમાન પત્ર સાથે જોડાયેલ છે, તે ચાહે છે, પણ માલા ધરમને કે રેહમાન માલાને કહી શકતા નથી, ધરમ માલાની બહેન તનુઝાને ચાહે છે. અંતે આ પ્રણય ત્રિકોણ બન્ને બહેનોના એકબીજા પ્રત્યેના ત્યાગ સાથે માલાના નિધન સાથે પૂર્ણ થાય છે. અહી સંપૂર્ણ ફિલ્મ માલા સાથે જોડાયેલી છે, માલા એ સરસ અભિનય કરેલ છે, પણ અંતિમ દ્રશ્યોમાં અભિનયનો અતિરેક દર્શકોને અકળાવે છે, જે નિર્દેશનની ખામી છે. ફિલ્મમાં એક ગીત છે, ચમન હોગા નહીં ખાલી, બદલ જાયે અગર માલી, બહારે ફીર ભી આએગી. પણ આ ફિલ્મને માલી એટ્લે કે ગુરૂદત બદલ્યા બાદ બહારના આવી. ફિલ્મ સફળના થઈ. આગામી અંકમાં વર્ષની ૧૦ નંબરની સુપર હિટ ફિલ્મ સાથે મળીશું. આભાર.

# ''પ્રભુના એ પ્રેમ તળી પૂતળી રે લોલ. (બોટાદકર)''

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


મુંબઈ આવ્યા પછી મને મળવા અચલા પ્રેરણા અને અનન્યા મને મળવા આવી હતી. સોનલ મમ્મીનો ખરખરો કરવા. પ્રેમ, લાગણી, સ્નેહ અને કુટુંબજીવન વિશે વાતો કરી. મેં સોનલમામી વિશે વાત કરી તો તેમને નવાઈ લાગી અને બોલી ''પ્રભુના એ પ્રેમ તણી પુતળી રે લોલ.'' અડોશ પડોશના બહેનોએ જે વાતો કરી હતી તે વાતો સાંભળીને કહ્યું કે હજી પણ પરોપકારી પ્રેમાળ અને કુટુંબને મૂડીમાં બાંધી રાખે તેવા માણસો છે. અનન્યાએ તેમના પડોશી વસંતભાઈની વાત કહી : થોડા મહિના પહેલા વસંતભાઈ બીમાર પડયા હતા. મારા પપ્પાના મિત્ર એટલે ઘરે આવીને બધી વાતો કરે. સુખી અને સમૃધ્ધ પરિવાર હોવાથી કોઈ આર્થિક પ્રશ્ન ન હતો સંસ્કારી અને ધર્મપ્રેમી પરિવાર છે. એક દિવસ વસંતકાકાએ પોતાના બંને પુત્રોને બોલાવીને વાત કરી કહ્યું કે મારે એક વાત કરવી છે જે ઘણા દિવસથી મનમાં ઘૂંટાય છે વાત કરતા શરમ સંકોચ અનુભવું છું. પણ સત્ય છે તો કયાં સુધી છુપાવવું ? વાત આમ છે તે કહી આજે તો આપણાં કુટુંબ વચ્ચે અપાર પ્રેમ, લાગણી છે. સૌ એકબીજા માટે ગમે તેવો ભોગ આપવા તૈયાર છે. આવી લાગણી કાયમી ટકી રહે તો ઈશ્વરની કૃપા, પરંતુ હજી કોઈ પાત્ર પરિવારમાં દાખલ થાય અને તેમનો સ્વભાવ અલગ હોય તો ? મારી મરજી એવી છે કે આજે કુટુંબમાં ખૂબ પ્રેમ હોય છે ત્યારે તમે બંને ભાઈઓ અલગ થઈ જાઓ મોટો દીકરો આ સાંભળી રડવા લાગ્યો. પપ્પા તમને આવો વિચાર આવ્યો જ કેમ ? અમે બંને ભાઈઓ કયારેય કોઈ કાળે જુદા ન થઈ શકીએ. પપ્પા એક વાત કહું છું પ્રતિજ્ઞાપૂર્વક કે મારા નાનાભાઈના મોં ઉપર મને કયારેય ઉદાસી દેખાશે અને તેની ઉદાસી દૂર કરવા હું આ ઘરની તમામ મિલ્કત ઉપર હકક જતો કરી તેને આપી દઈશ એક મિનિટની વાર નહિ લગાડું પપ્પાની વાત દેરાણી-જેઠાણીને ખબર પડી ત્યારે બંને દેરાણી-જેઠાણી પપ્પાને પગે લાગીને કહ્યું પપ્પા આ ઘરમાં આજ પછી આવી વાત મિલ્કતની વાત, જુદા થવાની વાત કોઈનાય મોઢામાંથી નીકળવી જોઈએ નહિ અમારા વિચાર વર્તનમાં કોઈ ખામી આવી હોય તો અમને ઠપકો આપો. અમારી ભૂલ હોય તો કહો પરંતુ હવે કયારેય આવું બોલશો નહીં. અને જો તમે વિલ બનાવ્યુ હશે તો અમને આપી દો આ વીલ અમે બંને ફાડી નાખીશું. તમારા સંસ્કારનો વારસો અમારે સાત પેઢી સુધી જાળ વવો છે અમે ધંધામાં ખોટ ખાશું, ભૂખ્યા રહેશું પણ કયારેય જુદા થઈશું નહીં તેવું વચન આપીએ છીએ આ મારા સાસુ સામે રહ્યાં. તેમની સાક્ષીમાં આ વચન અમારૂ છે. તમે નિરાંત રાખો માંદગીમાં નબળા વિચારો ન કરો. એ જ તમારી પાસે બેસી સત્સંગ કરશું. અનન્યાએ કહ્યું આ વાત મારા પપ્પાએ કહી છે.હાથે હું જાઉ છું મારા મમ્મી પપ્પાએ મને શિખામણ આપી છે કે સાચુ સુખ કુટુંબ સાથે રહી સુખ દુ:ખમાં ભાગ લઈ પરિવાર પ્રેમ નથી રાખવાનું છે દરેક વ્યકિતનાં અનુભવ, સ્વભાવ અલગ અલગ હોય છે પરંતુ કોઈનાં બોલ્યા સામુ જોઈશ નહી બાંધછોડ કરજે જતુ કરજે વડીલોની સેવા કરજે.

મારા ભાભી મુંબઈની જાણીતી કંપનીમાં મોટા હોદા ઉપર છે પરંતુ ચાર ભાઈઓ મુંબઈ સાથે જ રહે છે દરરોજ સાંજે જમતી વખતે આખા દિવસની વાતો કરે છે અને રાતે સૌ એકબીજાને જયશ્રી કૃષ્ણ કહી સુવા જાય છે અને અમારી બ્રાહ્મણ જ્ઞાતિમાં અમારા કુટુંબનાં વખાણ થાય છે મારા પપ્પા લગ્નવિધિ કરાવતા, એટલે અમને બધાને સપ્તપદીના શ્લોકોનો અર્થ સમજાવ્યો છે સંસારને સુંદર મધમધતો બનાવવા સમજણની જરૂર છે સાસુ-સસરા કુટુંબના સભ્યો સાથે સંયુકત કુંટુબ સંપીને રહે તે માટે ઘરની સ્ત્રીઓએ સપ્ત પછીના શ્લોક કંઠસ્થ કરવાની જરૂર છે ઘરને સ્વર્ગ બનાવવાની ચાવી આ લગ્ન સૂકતમાં આપી છે ટૂંકમાં કહું તો લગ્ન સૂકતમાં આ રીતે આર્શીવાદ આપ્યા છે. સસરા ઉપર તું મહારાણી પદ મેળવ, આંસુ ઉપર મેળવ, નંણદ દિયર ઉપર મેળવ, પુષ્કળ વચન ઉપદેશ આપ્યા છે પરસ્પર કુટુંબનાં સંબંધો જોડવા દેવતાઓને પ્રાર્થના કરે છે પ્રાણી ગ્રહણ વખતે કહે છે સૌભાગ્ય માટે હું તારો હાથ પકડુ છુ મારી સાથે તું ઘરડી થા પતિ-પત્ની કુટુંબ સાથે રહી ઘરડાં થાય એ સુખ કરતા જગતમાં બીજું સુખ શું હોઈ શકે ? કુટુંબ પ્રેમ સ્ત્રીમાં હોય તો બીજા જન્મમાં પણ પતિ-પત્નીએ જ કુટુંબ મળે છે શુકલ યર્જુવેદ સહિતામાં પણ સર્વોપરી ધ્યુલોકમાં પત્ની સહ સ્વર્ગમાં જવાની ઈચ્છા બતાવી છે સ્ત્રીને ધર્મ આચરી અમૃત્વ માટે તૈયાર થવા ઉપદેશ આપવો છે પતિના ઘરને સ્વર્ગનું સામ્રાજય બનાવવા મંત્રો આપ્યો છે પ્રાચીન ભારતની સ્ત્રીઓએ ઉત્તમોત્તમ ગુણોનું અનુસરણ આજની સ્ત્રીઓએ કરવું જોઈએ હું તો તમારા સમક્ષ કુટુંબ, પ્રેમ, સર્વોને ચાહી ચાહી આ ઘરને સ્વર્ગ બનાવવા હું મારી જાતને ન્યોછાવર કરી દઈશ. સોનલ મમ્મી પાસે મોડી આવવાનો પસ્તાવો મને જિંદગી ભર રહેશે. પરંતુ છેલ્લે મેં સોનલ મમ્મીનો હાથ પડકયો ત્યારે તેમની આંખોમાં મમતા, પ્રેમનું પૂર જોયું હતું. તે આ જોવા ઈચ્છતા હશે કે તુર્ત જ તેમને કંઈપણ કષ્ટ વગર, દેહને છોડી દીધો ઉંમર ૭૦ વરસ નાની ગણાય શ્રેષ્ઠ મૃત્યુ પુરા ૧૦૦ સો વરસનું કહેવાય. પરંતુ જન્મ, મૃત્યુ આપણા હાથની વાત નથી તેની હવે આપણે સૌ સાથે સંપીને હેત પ્રેમથી રહીએ આવતા જતા રહીએ એ જ સાચી શ્રદ્ધાજંલિ છે અને હું અને નિકુંજ પપ્પાને અમારી સાથે આવતી કાલે મુંબઈ લેતા જઈને છીએ. રજા આપો ધન્ય ભાગ્ય અમારા. (અપૂર્ણ)

# 'સમજણ એ જ નારાયણ'

## ''તારૂ તને કદાચ પગેરૂં મળી જાય, તારામાં જ ઊતરી તારી તલાસ કર''

– 'પંથી પાલનપુરી'

ઘણાં વર્ષો અગાઉ ગુજરાતી પાઠયપુસ્કતમાં પ્રાથમિક શાળાનાં અભ્યાસક્રમમાં એક પાઠ આવતો તેનો ટુંકસાર કંઈક આવો હતો કે એક વ્યકિત પોતાના પશુઓ ચરાવવા ખેતરોમાં જાય ઘરેથી એ દસ પશુઓને લઈને નીકળે, પણ પાછા ફરતી વખતે ગણતરી કરે છે તો નવ જ પશુઓ થાય છે, તેથી તે વ્યકિત ચિંતામાં પડી જાય છે કે એક પશુ કેમ ઓછું છે તેનો કોઈ જંગલી પ્રાણીઓ શિકારતો નહીં કર્યો હોય ને ? ખૂબ વિચારે છે પછી તેને યાદ આવે છે કે હું પોતે એક પશુ ઉપર બેસીને બાકીના નવ ગણી રહ્યો છું. જેના ઉપર બેઠો છું. તેને જ ગણી નથી રહ્યો !

બાલ્યાવસ્થામાં ત્રીજા-ચોથા ધોરણમાં આવતો સાવ હળવાશથી રજુ થતો પાઠ આજે મોટા થયા પછી જરા જુદી જ રીતે સમજાતો થયો છે એ પાઠમાં પશુઓનો માલિક ભલે વિચારોની ગડમથલમાં કે પછી વ્યવહારિક જ્ઞાનની ઉણપ કે




**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી


અભાવમાં પોતે જેના ઉપર જ બેઠો છે એ જ પશુની ગણતરી ભૂલી જાય છે પણ આજે વર્તમાન સમયમાં ભાગદોડ ભરી આ જિંદગીમાં એક સાથે ઘણું બધું મેળવી કે ભેગું કરી લેવાની લાલચમાં આપણે ખૂદ આપણને જ ગણવાનું (સમજવાનું કે ઓળખવાનું) ભૂલી ગયા જ છીએ એવું નથી લાગતું ? મોબાઈલ યુગમાં માણસ અમુક વખતે તો રીતસર ગાંડો જ થયો હોય એવું લાગે છે ! બારીકાઈથી ચેક કરજો. મોબઈલમાં મથતો માણસ પહેલી વખત તો તેને કહેવામાં આવેલી વાત તરફ ધ્યાન પણ નહીં આપે ! બીજી વખત તે અધુરૂ સાંભળશે અને ત્રીજી વખત એટલે જ જે કામ કરશે, એમાં કચાશ રાખશે ! આ વર્તમાન યુગનું એવરેજ સમાજનું ચિત્ર છે ઘણાં લોકો તો રસ્તા ઉપર જાહેરમાં સૌની વચ્ચે રહીને સામેની વ્યકિત સાથે વાત કરતાં એટલા ઉગ્ર ઈરીટેડ થઈ જતાં હોય છે, મગજનો કાબુ ગુમાવીને પોતે સાવ એકલા જ નથી આજુબાજુમાં ઘણાં લોકો તેને સાંભળી અને જોઈ રહ્યા છે ! આ વાતો જ સૂચવે છે કે માણસ ભીતરથી પોતાને જ ગુમાવી રહ્યો છે ! યંત્રો અને યંત્રવત જીવનશૈલીથી ટેવાતો જતો માણસ સરવાળે પોતાનું સ્થળનું સમય સંજોગો અને સભ્યતાનું માન અને ભાન ભૂલી રહ્યો છે, ત્યારે ભીતર ડોકિયુ કરવું જરૂરી બન્યું છે !

**નવનીત**

**''દોસ્ત અંદરના સુરજની**
**શોધ કર,**
**પારકા અજવાશ વચ્ચે**
**આપણે.''**

**– શ્યામ સાધ**

# ૧૦ મે – માતૃત્વનો મંગલ પર્વ : વાત્સલ્યનો મહાસાગર અને ત્યાગની મૂર્તિ સમાન માતૃશકિતના ચરણોમાં શત-શત વંદન

સાહેબ, કેલેન્ડરની તારીખ આજે ભલે ૧૦ મે બતાવતી હોય, પણ યાદ રાખજો કે જે દિવસે માનું હૃદય દુભાશે ને, એ દિવસે તમારૂં આખું સામ્રાજય રાખ સમાન છે. તમે ભલે કરોડોના આસામી હો, ગમે તેવા મોટા પદ પર બિરાજમાન હો, પણ જો તમારી માની આંખમાં તમારા લીધે એક આંસુ આવ્યું, તો સમજજો કે તમારી બધી જ સફળતા શૂન્ય છે.

આ દુનિયામાં બધું જ બીજી વાર મળી જશે... ખોવાયેલા પૈસા પાછા મળી જશે, ગયેલી પ્રતિષ્ઠા પણ કદાચ મહેનતથી પાછી આવશે, પણ યાદ રાખજો કે એકવાર સ્મશાનના લાકડા વચ્ચે જેનો ચહેરો સફેદ કફનમાં ઢંકાઈ ગયો ને, એ 'મા' આ આખા બ્રહ્માંડમાં ક્યાંય નહીં મળે. પછી ભલે તમે ગમે તેટલા આક્રંદ કરો, પણ એ ઉંબરે બેસીને તમારી રાહ જોતી આંખો કાયમ માટે મીંચાઈ ગઈ હશે.

આપણને જયારે આ દુનિયાનું ભાન પણ નહોતું, ત્યારે રાત્રે આપણને સુવડાવવા માટે એ જનની પોતે આખી રાત ભીનામાં સૂતી અને આપણને કોરામાં સુવડાવતી. એના ફાટેલા સાડલાના છેડે આપણું નાક લૂછતી, પોતે થીગડા મારેલા કપડાં પહેરતી પણ આપણને હંમેશા નવા-નકોર કપડામાં રાખતી. અને આજે ? આજે ચાર પૈસા કમાતા થયા એટલે આપણને એ મા 'જૂના વિચારની' લાગે છે ? એની આંખોમાં મોતિયો આવ્યો કે એના ગાલ પર કરચલીઓ પડી, તો આપણને એની સાથે ચાર માણસ વચ્ચે વાત કરવામાં શરમ આવે છે ? અરે ધિક્કાર છે એવા ભણતરને, જે તમને તમારી માના ત્યાગની ભાષા ન સમજાવી શકે !


**હાર્દિક ચંદારાણા**
મો. ૭૨૧૧૧ ૫૫૫૦૩ ઈ-મેઈલ : hchandarana@gmail.com




વિચાર તો કરો, જયારે આપણે બોલતા પણ નહોતા શીખ્યા, ત્યારે એ આપણી આંખ જોઈને સમજી જતી કે આપણને ભૂખ લાગી છે... અને આજે આપણે બે અક્ષર ભણી-ગણીને એને એમ કહીએ છીએ કે, 'મા, તને અત્યારના જમાનાની ખબર ન પડે, તું શાંતિ રાખ !' સાહેબ, જેણે તમને આ જમાનો બતાવ્યો એને તમે જમાનો શીખવાડો છો ? એના શરીરમાં સો વીંછી કરડ્યા હોય એટલું અસહ્ય દર્દ વેઠીને એણે આપણને જિંદગી આપી છે. એના હાથે માથા પર ફરેલો એક વહાલભર્યો હાથ દુનિયાના તમામ 'પેઈન-કિલર' કરતાં મોટું કામ કરે છે.

આ દુનિયાની ભીડમાં જયારે તમને ઠોકર લાગશે ને, ત્યારે આખી દુનિયા તમારો વાંક કાઢશે... પણ એક મા જ એવી હશે જે દોડીને આવશે અને પૂછશે, 'બેટા, તને વાગ્યું તો નથી ને ?' જે દિવસે એ ઘરના ઉંબરે બેસીને તમારી રાહ જોતી બંધ થઈ જશે ને, તે દિવસે આખું ઘર માણસોથી ભરેલું હોવા છતાં તમને પાયમાલ હોવાનો અહેસાસ થશે.

સાહેબ, મંદિરમાં જઈને પથ્થરની મૂર્તિ સામે કલાકો સુધી હાથ જોડવાની કોઈ જરૂર નથી, એકવાર ઘરે જઈને માના પગ પકડી લેજો, ઈર ત્યાં જ બેઠો છે. સાક્ષાત ઈરને પણ જો પૃથ્વી પર આવવું હોય ને, તો એને પણ કોઈ 'મા'ના ગર્ભની જ જરૂર પડે છે. જે દિવસે એ ધ્રૂજતા હાથે મોઢામાં કોળિયો આપનારી મા જતી રહેશે, તે દિવસે આખી દુનિયાના પકવાન ખાશો તોય પેટ ભરાશે પણ આત્મા ક્યારેય તૃપ્ત નહીં થાય. કારણ કે ભગવાન પાસે માંગેલું તો કદાચ મળી જશે, પણ મા પાસે માંગ્યા વગર જે આશીર્વાદ મળ તા હતા ને... એ હવે આ બ્રહ્માંડમાં ક્યાંય નહીં મળે.

મા જીવતી હોય ત્યારે જ તેની કદર કરી લેજો. કારણ કે ફોટા પર હાર ચડાવ્યા પછી વહેતા આંસુ એ પસ્તાવો હોઈ શકે, પ્રેમ નહીં.

છેલ્લે બસ એટલું જ, મર્યા પછી તો આખી દુનિયા ખભો આપવા આવશે સાહેબ, પણ જીવતી માને એકવાર પ્રેમથી ભેટી લેજો... કારણ કે સ્મશાનમાં માની રાખ ભેગી કર્યા પછી વહાવેલા ગંગા જેવા આંસુ પણ એના એક જીવતા આશીર્વાદની બરાબરી નહીં કરી શકે. જેના ઘરે 'મા' છે, એને કોઈ 'ડે' ની જરૂર નથી, એના માટે તો રોજ દિવાળી છે.

# સાવરકુંડલા : સુખનેરા ડેમ ખાતે વિકાસ અને મરામત કામગીરીનું ધારાસભ્ય મહેશ કસવાલાએ કર્યુ નિરીક્ષણ






સાવરકુંડલા ધારાસભ્ય મહેશ કસવાલાએ આજે સુખનેરા ડેમ ખાતે ચાલી રહેલી વિકાસ અને મરામત કામગીરીની સ્થળ મુલાકાત લઈ કામોની પ્રગતિનું નિરીક્ષણ કર્યું હતું. ડેમની સુવિધાઓ વધુ મજબૂત બને અને આવનારા સમયમાં પાણી સંચાલન વધુ અસરકારક રીતે થઈ શકે તે હેતુથી વિવિધ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન ધારાસભ્ય મહેશ કસવાલાએ સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી ચાલી રહેલા કામોની ગુણવત્તા, કામગીરીની ગતિ અને ભવિષ્યમાં થનારા લાભ અંગે માહિતી મેળવી હતી. ખાસ કરીને ડેમની મરામત, પાણી સંગ્રહ ક્ષમતા અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. તેમણે અધિકારીઓને કામગીરી ગુણવત્તાસભર રીતે અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી સૂચનાઓ પણ આપી હતી. સાથે જ સ્થાનિક લોકોને લાંબા ગાળે વધુ સારા પાણી સંચાલનનો લાભ મળેતે દિશામાં આયોજનબદ્ધ કામગીરી કરવા ભાર મૂકયો હતો. આ પ્રસંગે સિંચાઈ વિભાગના અધિકારીઓ, શહેર ભાજપ સંગઠનના હોદેદારો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ડેમ વિકાસ સંબંધિત આ કામગીરી વિસ્તાર માટે મહત્વપૂર્ણ સાબિત થશે તેવી આશા વ્યકત કરવામાં આવી હતી.


### યુગ નિમાર્ણ ગાયત્રી ટ્રસ્ટ દ્વારા સંચાલિત

## ચલાલાની ગાયત્રી સંસ્કાર વિધાલયનું ધો. ૧૦નું ૮૮.૮૬ અને ધોરણ ૧૨નું ૯૦.૩૨ ટકા પરિણામ

### પુ. ડો. રતિદાદાએ બાળકોને અભિનંદન પાઠવ્યા





ચલાલા, તા. ૯

ચલાલા પ.પૂજય સંત ડો. રતિદાદાના આશીર્વાદ અને ભારત ભૂષણ મહેશભાઈના નેતૃત્વ હેઠળ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય માટે આજે વિદ્યાર્થીઓ દ્વારા ગૌરવ અપાયું છે. તાજેતરમાં ધો–૧૦ સામાન્ય પ્રવાહમાં ૮૮.૮૬% અને ધો–૧૨નું ૯૦.૩૨% પરિણામ મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું છે. ધો–૧૦માં વરૂ સેજલ.બી. (૯૫.૨૬%) સાથે પ્રથમ, માંગરોળીયા ઓી જે. (૯૪.૭૮%) સાથે દ્રિતીય અને જેબલિયા આહુતિ યુ. (૯૪.૧૨%) સાથે તૃતીય તેમજ ધો–૧૨માં બસિયા પરમેરી (૮૯.૯૬%) સાથે પ્રથમ, ધાખડા શ્રદ્ધા એચ. (૮૦.૪૬%) સાથે દ્રિતીય અને શેખવા સિંધ્યા આર. (૬૮.૮૬%) સાથે તૃતીય ક્રમ પ્રાપ્ત કરી સંસ્થા તેમજ સ્કુલનું નામ રોશન કર્યું છે. ભારત ભૂષણ મહેશભાઈ મહેતા દ્વારા જણાવવામાં આવ્યું કે ‘‘આ પરિણામ વિદ્યાર્થીઓની કઠોર મહેનત, શિક્ષકોના માર્ગદર્શન અને વાલીઓના સહકારનું પ્રતિબિંબ છે. ભવિષ્યમાં પણ આવી જ સિદ્ધિઓ પ્રાપ્ત થાય તેવી શુભેચ્છાઓ’’ આ શાળામાં એલકેજી થી ધો–૧૨માં એડમિશન કાર્ય શરૂ છે, જેમાં એલકેજીથી ધો–૮ સુધી દીકરો–દીકરીઓ બંને માટે અને ધો– ૯ થી ૧૨ માત્ર દીકરીઓ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ છે, હોસ્ટેલ સુવિધા પણ ઉપલબ્ધ છે. આપનાં બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે આજે જ ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ધારી રોડ, ચલાલા મો. ૯૪૨૭૭૪૩૮૧૭નો સંપર્ક કરો.

કોલેજ GCAS રજીસ્ટ્રેશન
GCAS ફી ભરવી
ફોર્મ ફી ભરી અપાશે
રૂબરૂ પધારવા વિનંતી
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી. -Ad 052

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૪૩૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૩૫૫ | ૧૩૫૫ |
| ૩ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૪૭૫ |
| ૪ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૮૪૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૬૪૦ | ૧૮૪૫ |
| ૬ | તલ સફેદ | ૧૩૫૦ | ૨૪૮૫ |
| ૭ | તલ કાળા | ૨૩૭૦ | ૩૬૭૫ |
| ૮ | બાજરો | ૪૫૦ | ૫૦૫ |
| ૯ | જુવાર | ૬૮૦ | ૮૦૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૩૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૯૦ | ૪૮૫ |
| ૧૨ | મગ | ૧૫૫૦ | ૧૭૮૦ |
| ૧૩ | ચણા | ૮૯૦ | ૧૦૬૫ |
| ૧૪ | સફેદ ચણા | ૯૯૦ | ૧૦૮૦ |
| ૧૫ | છોલે ચણા | ૧૦૪૫ | ૧૪૪૦ |
| ૧૬ | તુવેર | ૮૫૦ | ૧૪૯૫ |
| ૧૭ | કપાસ | ૧૦૧૫ | ૧૯૯૫ |
| ૧૮ | એરંડા | ૧૦૧૦ | ૧૨૬૫ |
| ૧૯ | જીરૂ | ૩૩૦૦ | ૪૦૨૫ |
| ૨૦ | ધાણા | ૧૬૦૦ | ૨૪૬૦ |
| ૨૧ | અજમા | ૧૭૦૦ | ૨૦૦૦ |
| ૨૨ | મેથી | ૧૦૭૦ | ૧૩૦૦ |
| ૨૩ | સોયાબીન | ૧૦૯૦ | ૧૩૩૦ |
| ૨૪ | મરચા લાંબા | ૮૦૦ | ૨૨૩૦ |
| ૨૫ | સુવાદાણા | ૧૩૭૦ | ૧૩૭૦ |

પાના ૮ ઉપરનું ચાલું **દીપડો ઘુસી આવતા અફડાતફડી**

દરવાજા પાછળ બંધ કરી દેતા મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાની જાણ થતા દલખાણીયા વનવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી દીપડીનું સફળ રેસ્કયુ હાથ ધર્યુ હતું.

આ બનાવમાં પ્રાપ્ત વિગતો મુજબ ધારી તાલુકાના જીરા ગામે રમેશભાઈ સેજપાલની વાડીમાં નવા ફાર્મ હાઉસનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન આજે અચાનક એક દીપડી ફાર્મ હાઉસમાં ઘૂસી આવતા ત્યાં કામ કરતા મજૂરોમાં દોડધામ મચી ગઈ હતી. જોકે મજૂરોએ હિંમત અને સમજદારી દાખવી દીપડીને બાથરૂમ તરફ દોરી જઈ દરવાજો બંધ કરી દીધો હતો.

બનાવ અંગે દલખાણીયા વનવિભાગને જાણ કરવામાં આવતા વનકર્મીઓનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી આવ્યો હતો. વનવિભાગની ટીમે જરૂરી સાવચેતી રાખી દીપડીને ટ્રાન્કયુલાઈઝ ગન વડે બેહોશ કરી રેસ્કયુ કામગીરી હાથ ધરી હતી. બાદમાં દીપડીને સુરક્ષિત રીતે પાંજરામાં પૂરવામાં આવતા સ્થાનિક લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

વનવિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે દીપડીને પ્રાથમિક સારવાર અને આરોગ્ય ચકાસણી માટે એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવી છે. બનાવને પગલે ગ્રામજનોમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી અને મોટી સંખ્યામાં લોકો ઘટના સ્થળે એકત્રિત થયા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **નાના માચીયાળા ગામે ખારાનાં રસ્તે**

ગામનાં વતની યુવકને તથા તેમના પરીવારના માણસોને ગાળો આપી તથા વાહનો ઉપર લોખંડના પાઈપ વડે જાનથી મારી નાખવાના ઈરાદે હુમલો કરી તથા યુવકના પ્લોટમાં કરેલ ફેન્સીંગના સીમેન્ટના થાભલાઓ ટ્રેકટર વડે પાડી દઈ આર્થિક નુકશાન કરેલ હતું. તથા સામાવાળાએ પોતાના હવાલાવાળુ ટ્રેકટર લઈ આવી પુરઝડપે ચલાવી યુવક તથા તેમનાં પરિવારના સભ્યોને મારી નાખવાના ઈરાદે તેમની ઉપર ટ્રેકટર ચડાવી દઈ ઈજા કરી સામાવાળા પ્રાણઘાતક હથીયારો વડે સજ્જ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી યુવક સહિતનાં ઉપર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોચાડી જાનથી મારી નાખવાની ધમકીઓ આપ્યાની ૧૧ ઈસમો સામે અમરેલી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

રાજકોટ ગામે આવેલ ક્રિષ્નમ એપાર્ટમેન્ટ, ગોકુળ મથુરા પાછળ, અયોપ્રયા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર રહેતાં અને કંટ્રકશનનો વ્યવસાય કરતાં પ્રદ્યુમનભાઈ રણધીરભાઈ કોઠીવાળ નામનાં ૪૧ વર્ષીય યુવકના કાકાના દિકરા વૈભવભાઈ બળવંતભાઈ કોઠીવાળ ગત તા. ૭ના રોજ નાના માચીયાળા ગામમાંથી માટી ભરી પોતાના વાડી ખેતરોમાં નાખતા હતા. તે જ ગામે રહેતાં સામાવાળા વનરાજભાઈ ઓઘડભાઈ વાળા ગમતુ ન હોય જેથી તેઓએ ખારાના રસ્તે ટ્રેકટર ચલાવવાની ના પાડેલ હતી. જેથી કોન્ટ્રાક્ટ યુવકે સામાવાળાને આવુ નહી કરવા સમજાવતા સામાવાળાઓને સારૂ નહી લાગતા આ તમામએ યુવકને તથા તેમના પરીવારના માણસોને ગાળો આપી તથા વાહનો ઉપર લોખંડના પાઈપ વડે જાનથી મારી નાખવાના ઈરાદે હુમલો કરી તથા યુવકના પ્લોટમાં કરેલ ફેન્સીંગના સીમેન્ટના થાભલાઓ ટ્રેકટર વડે પાડી દઈ આર્થિક નુકશાન કરેલ હતું. તથા આરોપી જયરાજભાઈ ભાણભાઈ વાળાએ પોતાના હવાલાવાળુ ટ્રેકટર લઈ આવી પુરઝડપે ચલાવી યુવક તથા તેમનાં પરિવારના સભ્યોને મારી નાખવાના ઈરાદે તેમની ઉપર ટ્રેકટર ચડાવી દઈ વનરાજભાઈ કોઠીવાળ તથા હરદેવભાઈને ટ્રેકટર નીચે કચડી નાખી શરીરે મરણતોલ ઈજાઓ પહોચાડેલ હતી. તેમજ આરોપીઓ દ્વારા પોતાનો સમાન ઈરાદો પાર પાડવા પ્રાણઘાતક હથીયારો વડે સજ્જ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી યુવક સહિતનાં ઉપર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોચાડી જાનથી મારી નાખવાનીધમકીઓ આપ્યાની ૧૧ ઈસમો સામે અમરેલી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ૨ | શીંગ મોટી | ૧૨૭૫ | ૧૫૬૦ |
| ૩ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૬૮૦ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૫૦ |
| ૫ | તલ કાળા | ૩૨૦૦ | ૩૪૫૦ |
| ૬ | જીરૂ | ૩૩૦૦ | ૩૭૫૦ |
| ૭ | કપાસ | ૧૫૦૦ | ૧૮૭૬ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | ૫૧૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૯૯૦ |
| ૧૨ | મગ | ૧૬૦૦ | ૧૭૪૬ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૭૮ |
| ૧૪ | દેશી ચણા | ૯૫૦ | ૧૦૫૪ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૩૮૦ |
| ૧૬ | એરંડી | ૧૨૦૦ | ૧૨૭૦ |
| ૧૭ | મેથી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૧૮ | રાય/રાયડો | ૧૨૦૦ | ૧૪૬૦ |
| ૧૯ | ધાણા | ૨૦૦૦ | ૨૫૦૦ |

## બગસરા : રફાળામાં શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં રાજય મંત્રી કૌશિક વેકરિયાએ લીધો કથા શ્રવણનો લાભ




બગસરા, તા.૯

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના ગોલ્ડન વિલેજ રફાળા ખાતે સમસ્ત વેકરીયા પરિવાર દ્વારા ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર ધાર્મિક પ્રસંગે રાજયના મંત્રી કૌશિક વેકરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ભક્તિભાવપૂર્વક શ્રીમદ્ ભાગવત કથાનું શ્રવણ કરી આધ્યાત્મિક લાભ મેળવ્યો હતો.

સપ્તાહ દરમિયાન સમગ્ર વિસ્તારમાં ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું હતું. મોટી સંખ્યામાં ભાવિક ભક્તો, ગામજનો અને આગેવાનો ઉપસ્થિત રહી કથાના અમૃતમય પ્રસંગનો લાભ લીધો હતો. ધાર્મિક સંગીત, ભજન અને કથાવાચકના પ્રેરણાદાયી સંદેશોથી ઉપસ્થિત સૌ ભાવવિભોર બની ગયા હતા.

મંત્રી કૌશિક વેકરીયાએ વેકરીયા પરિવારના આ સુંદર આયોજનની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે આવા ધાર્મિક કાર્યક્રમો સમાજમાં સંસ્કાર, એકતા અને આધ્યાત્મિકતા વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

સમસ્ત વેકરીયા પરિવાર દ્વારા કરવામાં આવેલ આ ભક્તિમય આયોજન ગામ અને સમાજ માટે પ્રેરણારૂપ બની રહ્યું છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સેવાભાવ, શ્રદ્ધા અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૦૦ | ૧૬૯૯ |
| ૨ | મગફળી | ૧૧૬૧ | ૧૨૦૦ |
| ૩ | ચણા | ૧૦૩૫ | ૧૦૪૧ |
| ૪ | સોયાબીન | ૯૭૬ | ૧૧૫૧ |
| ૫ | તલ કાળા | ૩૨૦૧ | ૩૨૯૯ |
| ૬ | તુવેર | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ૭ | ધાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૮ | ઘઉં | ૪૩૦ | ૪૩૦ |
| ૯ | બાજરો | ૪૦૧ | ૪૦૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૦૦ |
| ૩ | તલ કાળા | ૧૩૦૦ | ૩૩૯૫ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૮૧૬ |
| ૫ | બાજરો | ૩૧૧ | ૫૨૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૨૬ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૯૫૦ |
| ૮ | મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| ૯ | મગ | ૧૭૩૬ | ૧૭૭૬ |
| ૧૦ | તુવેર | ૧૧૧૫ | ૧૩૫૦ |
| ૧૧ | ચણા | ૬૦૦ | ૧૦૪૬ |
| ૧૨ | એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૩ | ધાણા | ૨૦૦૧ | ૨૦૦૧ |
| ૧૪ | મેથી | ૧૨૦૦ | ૧૨૭૫ |
| ૧૫ | સોયાબીન | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૬ | રાય | ૧૦૦૧ | ૧૨૮૦ |

## આર્ટ ઓફ લિવિંગ પરિવાર દ્વારા અમરેલીનાં સેવાભાવી વસંતભાઈ મોવલીયાનુ સોમવારે કરાશે સન્માન

### સહપરિવાર સાથે હાજર રહેવા અનુરોધ

અમરેલી, તા. ૯



સમાજ સેવાના ભેખધારી અને વર્ષોથી વિવિધ સંસ્થાઓના માધ્યમથી માનવતાની મહેક ફેલાવનારા વસંતભાઈ મોવલિયાના પરિચયની કોઈ જરૂર નથી. વસંતભાઈ મોવલિયાની નિઃસ્વાર્થ સેવા, અતૂટ સમર્પણ અને લોકકલ્યાણના કાર્યોની વૈકિ સ્તરે નોંધ લેવાઈ છે. આ ગૌરવશાળી ક્ષણે ‘ધ આર્ટ ઓફ લિવિંગ‘ સંસ્થા દ્વારા તેમને પ્રતિષ્ઠિતથી સન્માનિત કરવામાં આવનાર છે, જે સમગ્ર અમરેલી જિલ્લા માટે અત્યંત હર્ષ અને ગૌરવની બાબત છે.

આ રૂડા અવસરે વસંતભાઈ મોવલિયાના સેવાકીય ઉત્સાહને વધારવા અને તેમને અભિનંદન પાઠવવા માટે આપ સૌ નગરજનોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આપની પ્રેરણાદાયી ઉપસ્થિતિ આ સમારોહની શોભામાં અભિવૃદ્ધિ કરશે. આવતીકાલ સોમવાર, ૧૧ મે ૨૦૨૬ના રોજ રાત્રે ૯:૧૫ કલાકે ચિત્તલ રોડ પર આવેલા પંચવટી પાર્ટી પ્લોટ ખાતે આ ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. તો આપ સૌ સહપરિવાર પધારી આ પ્રસંગને યાદગાર બનાવવા માટે ઉમેશ દુધાત અને આર્ટ ઓફ લિવિંગ પરિવાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૦૫ | ૪૪૧ |
| ૨ | ચણા | ૧૦૩૫ | ૧૦૪૧ |
| ૩ | એરંડા | ૧૦૦૦ | ૧૧૯૫ |
| ૪ | ધાણા | ૧૭૨૦ | ૧૭૨૦ |
| ૫ | તુવેર | ૧૧૮૦ | ૧૧૮૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૮૦ | ૨૦૧૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૮૦ | ૧૬૭૦ |
| ૩ | મગફળી | ૧૧૯૦ | ૧૪૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૨૦ | ૨૧૧૦ |
| ૫ | તલ કાળા | ૨૯૪૦ | ૩૩૨૦ |
| ૬ | જીરૂ | ૨૭૭૦ | ૩૯૮૦ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૮ | એરંડા | ૧૦૨૫ | ૧૧૯૫ |
| ૯ | ચણા | ૧૦૨૦ | ૧૦૬૦ |
| ૧૦ | મગ | ૧૫૧૦ | ૧૯૬૦ |

## બંગાળમાં પીએમ મોદીનું નિવેદન, ઘૂસણખોરી પર આકરા પ્રહાર

# પ. બંગાળમાં ભાજપના પ્રથમ મુખ્યમંત્રી તરીકે શુભેન્દુ અધિકારીએ લીધા શપથ

### સમારોહમાં પીએમ મોદી પોતે સામેલ થયા : આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન પણ સામેલ થયા

કોલકાતા, તા.૯

પશ્ચિમ બંગાળના રાજકારણમાં આજનો દિવસ ઐતિહાસિક દિવસ બની રહેશે. રાજ્યમાં પહેલીવાર ભાજપની સરકાર બની છે. ભવાનીપુરમાં મમતા બેનર્જીને હરાવનારા સુવેન્દુ અધિકારીએ આજે બંગાળના મુખ્યમંત્રી પદના શપથ લીધા. કોલકાતામાં બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડમાં આ શપથ ગ્રહણ સમારોહનું આયોજન થયું. સમારોહમાં પીએમ મોદી પોતે સામેલ થયા. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન પણ સામેલ થયા. પ્રોટોકોલ મુજબ મમતા બેનર્જીને પણ સમારોહનું આમંત્રણ અપાયું હતું. સુવેન્દુ અધિકારી ઉપરાંત અન્ય પાંચ મંત્રીઓ પણ પદ અને ગોપનીયતાના શપથ લીધા. ભવાનીપુરમાં મમતા બેનર્જીને હરાવનારા સુવેન્દુ અધિકારીએ આજે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા. બંગાળમાં ભાજપની પહેલીવાર સરકાર બની છે. સુનેન્દુ અધિકારીએ શપથ લીધા બાદ પીએમ મોદીના ચરણ સ્પર્શ કર્યા અને તેમના આશીર્વાદ લીધા. ત્યારબાદ પીએમ મોદીએ તેમને ગળે લગાવ્યા. સુવેન્દુએ મંચ પર હાજર બધા નેતાઓ સાથે એક એક કરીને હાથ મિલાવ્યા અને બધાએ તેમને શુભેચ્છાઓ પાઠવી. જ્યારે સુવેન્દુ અધિકારી યોગી આદિત્યનાથને મળવા માટે પહોંચ્યા તો તેમણે પોતાનો ગમછો પહેરાવીને તેમનું અભિવાદન કર્યું.

સુવેન્દુ અધિકારી બાદ દિલીપ ઘોષે મંત્રી પદના શપથ લીધા, રાજ્યપાલે તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા. ત્યારબાદ દિલીપ ઘોષે પીએમ મોદી અને તમામ નેતાઓના આશીર્વાદ લીધા.

અગ્નિમિત્રા પોલે પણ દિગ્ગજ ભાજપ નેતાઓની હાજરીમાં શપથ લીધા. ફેશન ડિઝાઈનરમાંથી નેતા બનેલા અગ્નિમિત્રા પોલ આસનસોલ દક્ષિણથી ચૂંટાઈ આવ્યા છે અને તેઓ બંગાળમાં ભાજપના એક મજબૂત મહિલા ચહેરા તરીકે જાણીતા છે. બનગાંવ ઉત્તરથી ચૂંટાઈ આવેલા વિધાયક અશોક કીર્તનિયાએ પણ શપથ લીધા. તેઓ સતત બે ટર્મથી વિધાયક છે અને મતુઆ સમુદાયના કલ્યાણ માટે સક્રિયા રહ્યા છે.

રાનીબાંધ સીટથી પહેલીવાર વિધાયક બનેલા ક્ષુદીરામ ટુડુએ પણ આજે મંત્રી પદના શપથ લીધા. વ્યવસાયે શિક્ષક એવા ક્ષુદીરામ બંગાળ ભાજપના આદિવાસી ચહેરો છે.

માથાભંગા સીટથી વિધાયક બનેલા નીશિથ પ્રમાણિકે પણ મંત્રી પદના શપથ લીધા. ટીએમસીથી રાજકારણ શરૂ કરનારા નીશિથ ૨૦૧૯માં ભાજપમાં જોડાયા હતા અને કૂચબિહારથી સાંસદ રહી ચૂક્યા છે. નીશિથ કેન્દ્રીય રાજ્યમંત્રીનો પદભાર સંભાળી ચૂક્યા છે.

૮મી મેના રોજ અમિત શાહ કોલકાતા પહોંચ્યા હતા. જ્યાં શુવેન્દુ અધિકારી વિધાયક દળના નેતા તરીકે ચૂંટાયા હતા. શાહે પોતે તેમના નામની જાહેરાત કરી હતી. ત્યારબાદ શુવેન્દુ અધિકારીએ કોલકાતામાં રાજ્યપાલ આર એન રવિ સાથે મુલાકાત કરી અને વિધાયકોના સમર્થનવાળો પત્ર સોંપ્યો અને નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો.

## સાવરકુંડલા : ૪૪ ડિગ્રી તાપમાનમાં વરિયાળી અને લીંબુ શરબત બન્યું હજારો લોકો માટે આશીર્વાદ સમાન




ચલાલા, તા. ૯

દિનેશચંદ્ર બાલચંદ્ર દોશી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નવા બસ સ્ટેન્ડ પાસે દરરોજ ૪૫૦૦થી વધુ લોકોને નિઃશુલ્ક ઠંડું શરબત આકરી ગરમીમાં લૂથી બચવા અને શરીરમાં ઠંડક પ્રસરાવવા 'ઉષાબેન દિનેશભાઈ શાહ વરિયાળી શરબત કેન્દ્ર' દ્વારા ભગીરથ કાર્ય અમરેલી જિલ્લાના સાવરકુંડલા પંથકમાં હાલ આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય તેવી કાળ ઝાળ ગરમીની સ્થિતિ સર્જાઈ છે. જયારે તાપમાનનો પારો ૪૪ ડિગ્રીને પાર કરી રહ્યો છે, ત્યારે શહેરના નવા બસ સ્ટેન્ડ પાસે છેલ્લા ૫ વર્ષથી કાર્યરત ઉષાબેન દિનેશભાઈ શાહ વરિયાળી શરબત કેન્દ્ર લોકો માટે સાચા અર્થમાં આશીર્વાદરૂપ પરબ સમાન સાબિત થઈ રહ્યું છે.દિનેશચંદ્ર બાલચંદ્ર દોશી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ઘણા સમયથી અવિરત ચાલતા આ સેવાકીય યજ્ઞમાં દરરોજ ૪૫૦૦થી વધુ નાગરિકો અને મુસાફરો વરિયાળી અને લીંબુ ના શરબતનો સ્વાદ માણી પોતાની તરસ છિપાવી રહ્યા છે. આયુર્વેદિક દ્રષ્ટિએ વરિયાળી, લીંબુ, સાકર અને ફુદીનો ગુણમાં અત્યંત ઠંડા હોવાથી, ભીષણ ગરમીમાં તે શરીરને લૂ (Heatstroke) અને ડિહાઈડ્રેશનથી બચાવવામાં ખૂબ જ મદદરૂપ બને છે.આ સેવા કેન્દ્રની મુખ્ય વિશેષતા એ છે કે અહીં આવતા દરેક શ્રમિક, રાહદારી કે મુસાફરને ખૂબ જ વ્યવસ્થિત અને આત્મીયતાપૂર્વક શરબત પીરસવામાં આવે છે. ટ્રસ્ટના પ્રમુખ મીલનભાઈ દોશી, નિયામક પરાગભાઈ ત્રિવેદી તથા સ્વયંસેવકો આ સમગ્ર વ્યવસ્થાનું સુચારૂ સંચાલન કરી રહ્યા છે. સંચાલકોના જણાવ્યા મુજબ, જયારે બહારનો પારો ૪૪ ડિગ્રી હોય ત્યારે પરસેવે રેબઝેબ થયેલા મુસાફરના ચહેરા પર શરબત પીધા પછી જે સંતોષ અને ઠંડક જોવા મળે છે, તે જ અમારી સાચી કાર્ય સફળતા છે.શહેરના વિવિધ અગ્રણીઓ અને પ્રબુદ્ધ નાગરિકોએ આ સેવાની મુકત કંઠે પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, આવી અસહ્ય ગરમીમાં જયારે માણસને ઠંડુ પાણી પણ નસીબ નથી થતું, ત્યારે નિઃસ્વાર્થ ભાવે આટલી મોટી સંખ્યામાં લોકોને પૌષ્ટિક ઠંડક પહોંચાડવાનું કાર્ય વંદનીય છે. સાવરકુંડલાની જનતા આ સેવાનો બહોળી સંખ્યામાં લાભ લઈ રહી છે અને ટ્રસ્ટની આ ઉમદા ભાવનાને બિરદાવી રહી છે.

## શંભુપરા ગામે એપ્રોચ રોડ સુવિધા પથનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



અમરેલી, તા.૯

અમરેલી તાલુકાના શંભુપરા ગામે એપ્રોચ સુવિધા પથના ખાતમુહૂર્તનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.આ પ્રસંગે રાજયના મંત્રી કૌશિક વેકરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિકાસલક્ષી કાર્યના શુભ પ્રારંભને લઈ આનંદ વ્યક્ત કર્યો હતો.

ખાતમુહૂર્ત કાર્યક્રમ દરમિયાન ગામજનો, સ્થાનિક આગેવાનો અને વિવિધ વિભાગોના અધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ગ્રામ વિકાસને ગતિ આપતા આ મહત્વપૂર્ણ માર્ગ કાર્યથી શંભુપરા ગામના લોકોને વધુ સારી આવન જાવનની સુવિધા પ્રાપ્ત થશે. ખાસ કરીને વિદ્યાર્થીઓ, ખેડૂતો અને રોજિંદા કામકાજ માટે મુસાફરી કરતા લોકો માટે આ માર્ગ અત્યંત લાભદાયક સાબિત થશે.મંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે રાજય સરકાર ગામડાંઓમાં આધુનિક સુવિધાઓ પહોંચાડવા પ્રતિબદ્ધ છે અને ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે સતત કામગીરી કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે સારો માર્ગ વિકાસની પ્રથમ જરૂરિયાત છે, જેનાથી વેપાર, શિક્ષણ અને આરોગ્ય જેવી સુવિધાઓ સુધી પહોંચ વધુ સરળ બને છે.ગ્રામજનોમાં પણ નવા માર્ગ કાર્યને લઈ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને તેમણે વિકાસલક્ષી કામગીરી બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

## દીકરીઓએ ગજવ્યુ મેદાન

## ચલાલા : બોર્ડની પરીક્ષામાં ચંદારાણા કન્યા વિદ્યાલયનો દબદબો

### શિક્ષણ અને સંસ્કારનાં ધામમાં રચાયો નવો ઈતિહાસ

ચલાલા, તા. ૯

ચલાલા વિસ્તારની દીકરીઓ માટે વિાસનું પ્રતીક બની રહેલી ગ્રાન્ટેડ શાળા શ્રી એમ.કે. ચંદારાણા કન્યા વિદ્યાલયે શિક્ષણ ક્ષેત્રે પોતાની ઉત્તમ પરંપરા જાળવી રાખી છે. ચાલુ વર્ષે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષામાં શાળાની વિદ્યાર્થીનીઓએ ઝળહળતું પરિણામ મેળવી સમગ્ર વિસ્તારનું ગૌરવ વધાર્યું છે. દીકરીઓના મક્કમ સંકલ્પ આગળ આજે આભ પણ ટૂંકું પડયું છે. સાબિત થઈ ગયું કે જો પાંખોને સંસ્કાર અને શિક્ષણનું આકાશ મળે તો ગ્રામીણ વિસ્તારની દીકરીઓ પણ નવો ઈતિહાસ લખી શકે છે ! આ ઉકિતને ચલાલાની દીકરીઓએ સાર્થક કરી બતાવી છે.

વિદ્યાર્થીનીઓએ પોતાની મહેનત અને શિક્ષકોના સચોટ માર્ગદર્શનથી મેળવેલી સિદ્ધિઓની વિગત જોઈએ તો ધોરણ ૧૦માં રાઠોડ મન્નત અનુભાઈએ ૯૭.૬૩ પી.આર. સાથે ચલાલા કેન્દ્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જયારે દ્વિતીય ક્રમે સરવૈયા હેત્વી હિતેશભાઈએ ૯૬.૦૬ પી.આર. અને તૃતીય ક્રમે દેવગણીયા સુજાતા પ્રવિણભાઈએ ૯૪.૯૩ પી.આર. મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. તેવી જ રીતે, ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહમાં ખુમાણ રાજેશ્રી વિક્રમભાઈ ૯૩.૬૬ પી.આર. સાથે પ્રથમ ક્રમે, બ્લોચ નાઝમીન અયુબભાઈ ૮૪.૩૦ પી.આર. સાથે દ્વિતીય ક્રમે અને ગોહિલ હર્ષિતા રવજીભાઈ ૮૩.૪૯ પી.આર. સાથે તૃતીય ક્રમે ઉત્તીર્ણ થઈ સંસ્થાની યશકલગીમાં વધુ એક મોરપીંછ ઉમેર્યું છે.આ ભવ્ય સફળતા બદલ શાળાના ટ્રસ્ટી મંડળ અને આચાર્ય દ્વારા તમામ તેજસ્વી તારલાઓ, તેમના વાલીઓ અને દિવસ–રાત જહેમત ઉઠાવનાર શિક્ષકગણને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે. શ્રી એમ.કે. ચંદારાણા કન્યા વિદ્યાલયે ફરી એકવાર સાબિત કર્યું છે કે યોગ્ય શૈક્ષણિક વાતાવરણ અને નિષ્ઠાપૂર્વકના પ્રયાસોથી કોઈપણ સિદ્ધિ હાંસલ કરી શકાય છે. દીકરીઓના સર્વાંગી વિકાસ અને ગુણવત્તાસભર શિક્ષણ માટે હંમેશા પ્રતિબદ્ધ રહેતી આ શાળા આગામી સમયમાં પણ સફળતાના નવા શિખરો સર કરતી રહે તેવી શુભેચ્છાઓ સમગ્ર પંથકમાં વહેતી થઈ છે.

## લાઠીનાં નાના રાજકોટ ગામે તળાવનાં રીસ્ટોરેશનનું ધારાસભ્ય જનક તળાવીયાનાં હસ્તે ખાતમુહુર્ત



અમરેલી, તા. ૯

લાઠી તાલુકાનાં નાના રાજકોટ ગામે ગ્રામ વિકાસ અને જળ સંરક્ષણને પ્રોત્સાહન આપતા મહત્વપૂર્ણ પ્રકલ્પ અંતર્ગત ગામનાં તળાવનાં રીસ્ટોરેશન કાર્યનું ખાતમુહુર્ત ધારાસભ્ય જનક તળાવીયાનાં હસ્તે વિધિવત સંપન્ન થયું હતું. રૂા.૩૧.૨૮ લાખનાં ખર્ચે હાથ ધરાનાર આ વિકાસકાર્યથી ગામમાં પાણી સંગ્રહ ક્ષમતા વધશે તેમજ પર્યાવરણ અને કૃષિ ક્ષેત્રને લાંબા ગાળે ફાયદો થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના સદસ્ય, જીલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય, તાલુકા ભાજપ પ્રમુખ, મોટી સંખ્યામાં ગામલોકો, આગેવાનો, ગ્રામ પંચાયતનાં પ્રતિનિધિઓ તેમજ વિવિધ સામાજિક સંસ્થાનાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ખાતમુર્હુત પ્રસંગે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં જળ સંરક્ષણ અને કુદરતી સંસાધનોના સંવર્ધન માટે સતત પ્રયત્નશીલ છે. નાના રાજકોટ ગામનું આ તળાવ રીસ્ટોરેશન કાર્ય પૂર્ણ થયા બાદ વરસાદી પાણીનો સંગ્રહ વધશે, ભૂગર્ભ જળસ્તર ઊંચું આવશે તેમજ ખેડૂતોને સિંચાઈ માટે પણ લાભ મળશે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ગામોનાં સર્વાંગી વિકાસ માટે રોડ, પાણી, સ્વચ્છતા અને પર્યાવરણ સંબંધિત કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. તળાવનું પુનઃજીર્ણોદ્ધાર માત્ર વિકાસકાર્ય નહીં પરંતુ આગામી પેઢી માટે કુદરતી સંપત્તિનું સંવર્ધન છે. આ કામગીરીથી ગામનું સૌંદર્ય પણ વધશે અને સ્થાનિક લોકોને સ્વચ્છ અને સારો પર્યાવરણ મળશે.ગામનાં આગેવાનોએ ધારાસભ્યનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, લાંબા સમયથી તળાવનાં સુધારણા માટે માંગ ઉઠતી હતી, જે હવે પૂર્ણ થવા જઈ રહી છે. ગામજનોમાં આ વિકાસકાર્યને લઈને આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

કાર્યક્રમ અંતે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા તળાવ રીસ્ટોરેશન કાર્ય ઝડપથી અને ગુણવત્તાસભર પૂર્ણ થાય તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## સોમનાથ જયોર્તિલિંગની ૭૫ વર્ષ પહેલાં ૧૧ મે,૧૯૫૧ના દિવસે મંદિરની પ્રાણ–પ્રતિષ્ઠા થઇ હતી આ દિવ્ય વિરાસતના ૭૫ વર્ષની ઉજવણીના પ્રસંગે સોમનાથ જયોર્તિલિંગની કથા

### સોમ એટલે ચંદ્ર અને ચંદ્રે જે જગ્યાએ નાથ કહીને ભગવાન શિવનું તપ કર્યુ અને ભગવાન શિવ પ્રગટ થયા તે સોમનાથ




શિવનો અર્થ છે કલ્યાણ. તમામનું કલ્યાણ થાય એવો ભાવ આત્મસાત કરવો. તમામનું મંગલ થાય તેવી કામના કરે તો જીવ શિવમય બની જાય. પોતાના આત્મામાં એવા શિવત્વને પ્રગટ કરવાની સાધનાને શિવપૂજા કે શિવદર્શન કહેવાય છે. શિવાલયના નિજ મંદિરમાં જે શિવલિંગ હોય છે તેને આત્મલિંગ કે બ્રહ્મલિંગ કહે છે. અહી વિકલ્યાણ નિમગ્ન બ્રહ્માકાર વિકાર પરમ આત્મા જ સ્થિત હોય છે. હિમાલય જેવું શાંત મહાન સ્મશાન જેવું સુમસામ શિવરૂપ આત્મા જ ભયંકર શત્રુઓની વચ્ચે રહી શકે છે અને તે જ કાલાતીત મહાકાલ કહેવાય છે અને તે જ સંતોષી તપસ્વી અપરિગ્રહી જીવન સાધનાનાં પ્રતિક છે.સોમનાથ મહાદેવનું મંદિર ગુજરાતના ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ પ્રદેશમાં સોમનાથ શહેરમાં સૌરાષ્ટ્રના સાગરકાંઠે આવેલું છે. ભગવાન શિવના બાર પવિત્ર જયોતિર્લિંગમાંનું પ્રથમ જયોતિર્લિંગ છે. મંદિરની ખ્યાતિથી લલચાઈને લુંટ તથા ધર્માંતરણ કરવાને ઈરાદે આવેલા અનેક વિનાશકારી વિદેશી આક્રમણકારો સામે સોમનાથનું આ મંદિર અડીખમ રહ્યું છે. મંદિરનો જયારે જયારે વિનાશ કરવાનો પ્રયત્ન થયો છે ત્યારે ત્યારે તેને ફરીને બાંધવામાં આવ્યું છે.સોમનાથ ભારતની અજેય સંસ્કૃતિનું પ્રતિક છે.છે.હજાર વર્ષના વિનાશકારી પ્રહારો બાદ પણ સોમનાથ આજે આપણા આત્મ–સન્માન અને સાહસનું ઉદાહરણ બનીને ઉભું છે.

આ જગ્યાનો ઈતિહાસ જોઇએ તો એકવાર અત્રિઋષિ અને અનસૂયા શાંતિથી બેસીને જીવ–શિવની લીલા વિશે ચર્ચા કરતા હતા. ઘણા લોકો ભૌતિક સુખ, પુણ્ય, જીવન વિકાસ અને મોક્ષ માટે તપ કરતા હોય છે. અત્રિઋષિ અને અનસૂયા માનવજાતિના વિકાસ માટે, જગતમાં સુખ–શાંતિ અને સમાધાન માટે પૂત્રની ઇચ્છા હતી અને તેના માટે તેઓ તપશ્ચર્યા કરે છે. ભગવાન શિવની કૃપાથી તેમને પૂત્ર થાય છે જેનું ચંદ્ર નામ રાખવામાં આવે છે. માતાપિતાના ગુણો ચંદ્રમાં આવે છે.ચંદ્ર મોટો થતાં માતા અનસૂયા તેને સુશિલ અને સુસંસ્કૃત કન્યા સાથે લગ્ન કરી લેવા આગ્રહ કરે છે. ચંદ્રના મનમાં કોઈ સ્ત્રી શરીર સાથે નહી પણ જે તેની બુદ્ધિ પ્રતિભાને સમજી શકે, પોતાના વ્યકિતત્વથી ધર્મકાર્યમાં સહકાર આપે તેવી સર્વગુણ સંપન્ન પત્ની જોઈતી હતી. એકવાર ચંદ્ર જંગલમાં ફરતો હતો ત્યારે તેના કરતાં પણ સુંદર કન્યા મળે છે. એકબીજા સાથે વાતચીત થાય છે. ચંદ્ર પુછે છે કે શું તમે પરણેલા છો ? ત્યારે કન્યા કહે છે કે "પરણવું એટલે શું ? અગ્નિ અને બ્રાહ્મણની સાક્ષીએ જોડાણ થાય તેને લગ્ન કહેવાય ? પરણવું એટલે એકબીજામાં સમાઇ જવું. પ્રેમની ચરમસીમા વિલિનીકરણમાં છે. બે શરીરના લગ્ન એ લગ્ન નથી. પુરૂષ પાસે વૈભવ હોય,શૂરવીર હોય, સૌદર્યવાન અને સર્વગુણ સંપન્ન હોવો જોઈએ."કન્યા કહે છે કે આવો સર્વગુણસંપન્ન અત્રિઋષિનો પૂત્ર ચંદ્ર છે તેવું મે મહાપુરૂષોના મુખેથી સાંભળ્યું છે, તેની સાથે મારે લગ્ન કરવા છે. કન્યા કહે છે કે મારૂં નામ રોહિણી છે. હું દક્ષપ્રજાપતીની પૂત્રી છું. ચંદ્ર કહે છે કે વર્ષોથી તું જેનું ચિંતન કરે છે તે ચંદ્ર હું જ છું. ત્યારે રોહિણી કહે છે કે અમે સત્તાવીશ બહેનો દિલથી એક વિચારની, એકબીજા ઉપર પ્રેમ અને આત્મિયતાના કારણે અમે નક્કી કર્યુ છે કે અમે એક જ પતિ સાથે પરણીશું. ત્યારે ચંદ્ર કહે છે કે તમારા જેવી સર્વગુણ સંપન્ન આદર્શ નારી મળતી હોય તો બાકીની છવ્વીસને પણ હું સ્વીકારીશ.

રોહિણી ચંદ્રને પોતાના પિતા દક્ષ પાસે લઈ જાય છે અને બંન્નેના માતાપિતાની સંમત્તિથી ખુબ જ ઠાઠમાઠથી દક્ષરાજાની સત્તાવીશ કન્યાઓ સાથે ચંદ્રનાં લગ્ન કરવામાં આવે છે. ચંદ્ર પોતાની પત્નીઓને લઈને પોતાના ઘેર આવે છે. લગ્ન પછી સત્કૃત્યોની શરૂઆત થાય છે. રોહિણી તેના કામમાં ખભેખભો મિલાવીને સાથ આપે છે, ચંદ્રની કદર કરે છે. બાકીની છવ્વીસ પત્નીઓ ચંદ્રને પ્રેમ કરે છે પરંતુ ચંદ્રના કાર્યને સમજી શકતી નથી તેથી તેમનામાં મત્સર (પારકાની ચડતી સહન ન થતાં આવતી અદેખાઇ) ઉભો થયો અને તેમને લાગ્યું કે પતિનું ખેંચાણ આપણી તરફ નથી.એકવાર દક્ષપ્રજાપતિ ચંદ્રના ઘેર આવે છે ત્યારે રોહિણી સિવાઈની ૨૬ દિકરીઓ પિતાજીને ફરીયાદ કરે છે કે પિતાજી..અહી સુખ છે, આનંદ છે, લીલાલહેર છે પરંતુ અમારા પતિનું અમારી તરફ ખેંચાણ નથી, અમારી ઉપેક્ષા થાય છે. દક્ષે ચંદ્રને બોલાવીને ઠપકો આપ્યો કે તમારા વિશે જે ફરીયાદ મળી છે તેવું ફરીથી ભવિષ્યમાં ના બને તેની કાળજી રાખજો. ચંદ્ર કહે છે કે હું સમજી વિચારીને આવું કરતો નથી પરંતુ મારા કાર્ય અને બુદ્ધિને ફકત રોહિણી જ સમજી શકે છે તેથી તેના પ્રત્યે ખેંચાણ વધુ રહે છે.એકવાર ચંદ્રના જીવનમાં એક ઘટના બને છે. દેવતાઓના ગુરૂ બૃહસ્પતિની પત્ની તારાની તરફ ચંદ્રનું મન ખેંચાય છે ત્યારે રોહિણી સિવાઈની બાકીની પત્નીઓ ગુસ્સે થાય છે અને ચંદ્રનો તિરસ્કાર કરે છે તેથી ચંદ્રનું અન્ય પત્નીઓ તરફ ખેંચાણ ઓછું થાય છે. આખું જગત તિરસ્કાર કરે તો ચાલે પણ પત્ની આપણો તિરસ્કાર કરે તો તે અસહ્ય બને છે. રોહિણી ઘણી સમજદાર હતી તેને ખબર હતી કે ચંદ્રમાં જગતને સુધારવાની શકિત છે. પ્રભુની કૃપા પ્રસાદીથી તે જગતમાં આવ્યો છે તેની કદાચ ભૂલ થઈ હશે. તે ચંદ્ર પાસે જઈને સમજાવે છે કે ગુરૂ બૃહસ્પતિની પત્ની તારા જેવી સ્ત્રી તમારા જેવા લોકોત્તર પુરૂષ પાછળ ગાંડી થાય તેમાં નવાઈ નથી પણ જગતમાં સૌદર્ય અને શિતળતા લાવવા પ્રયાસ કરનાર તમે વિચાર કરો કે તમોને આ શોભે છે ? અમે ૨૭ છીએ ૨૮મી લાવશો તો અમોને વાંધો નથી પરંતુ "પરસ્ત્રી તરફ ખરાબ નજરે જોવું એ સારૂં ના કહેવાય." તમારા આ કાર્યથી કૌટુંબિક સૌદર્ય, સ્વાસ્થ્ય, સમાધાન, શાંતિ અને શિતળતા તમે ગુમાવી દેશો. ચંદ્રે પોતાની ભૂલની કબૂલાત કરી પાપ પ્રક્ષાલન કર્યુ અને ફરીથી આવી ભૂલ ન કરવાની ખાત્રી આપી પરંતુ બાકીની ૨૬ પત્નીઓના તિરસ્કારથી તેમના વચ્ચેનું અંતર વધતું ગયું અને તેથી તેમને પિતા દક્ષને ફરીયાદ કરી.દક્ષ ગુસ્સે થયા અને ચંદ્રને કહ્યું કે તમે વચન આપ્યા પછી પણ મારી તમામ દિકરીઓને એક સરખી રીતે રાખતા નથી. ચંદ્રે દલીલ કરી કે એમાં મારા એકલાનો દોષ નથી. હું દિવસ રાત જે કાર્ય કરૂં છું તેમાં રોહિણી સિવાઇ બીજી કોઇને રત્તીભર રસ નથી. આવી ફકત હાડમાંસના પિંજરા જેવી પત્નીઓ ઉપર મને પ્રેમ કેવી રીતે થાય..! દક્ષરાજા કહે છે કે લગ્ન વખતે તમે જે સોગંદ ખાધા હતા કે "ધર્મે ચ અર્થે ચ કામે ચ નાતિચરામિ" તે પાળી શકયા નથી અને દક્ષે ગુસ્સામાં શ્રાપ આપ્યો કે તને કર્તૃત્વનો, બુદ્ધિમત્તાનો અને સૌદર્યનો અહંકાર હોય તો જા.. તે બધાને ક્ષય લાગશે, તૂં ક્ષયરોગી થશે. દક્ષના ગયા પછી ચંદ્રને લાગ્યું કે સૌદર્ય, કર્તૃત્વ શકિત જતી રહેશે તો મારાથી જગકલ્યાણના કામ થશે નહી તેથી તે દક્ષ પાસે ગૂનેગાર તરીકે જાય છે. પગે લાગીને કહે છે કે મારી ભૂલ થઈ છે. ચંદ્ર નિસ્તે જ બની જતાં તમામ પત્નીઓને પોતાની ભૂલ સમજાય છે કે શું કરવા ગઇ અને શું થઇ ગયું ? તેઓ પણ પિતાજીને શ્રાપ પાછો ખેંચી લેવા વિનંતી કરે છે.દક્ષે કહ્યું કે શ્રાપ પાછો ખેંચવાની શકિત મારામાં નથી. હવે શું કરવું? રોહિણી ચંદ્રને કહે છે કે તમારી શકિત અને પ્રભાને ક્ષય લાગ્યો છે. અત્રિ અને અનસુયાએ મહાન તપ કરીને જગતની સિકલ બદલવા શિવજી પાસેથી તમને મેળવ્યા હતા તે કાર્ય હવે થવાનું નથી. ચંદ્ર કહે છે કે આપણે બ્રહ્માજી પાસે જઈએ તે કોઈક રસ્તો બતાવશે.ચંદ્ર અને રોહિણી બ્રહ્મા પાસે જાય છે. બ્રહ્માજી તેમને નિગ્રહાનુગ્રહ સમર્થ ભગવાન શિવજીની આરાધના કરવાનું કહે છે. રોહિણી અને ચંદ્રે પ્રભાસ ક્ષેત્રમાં ભગવાન શિવની આરાધના કરી. વર્ષોના તપ પછી શિવજી પ્રગટ થાય છે અને ચંદ્ર પર અનુગ્રહ કરી ચંદ્રની શક્તિમાં પંદર દિવસ વૃદ્ધિ અને પંદર દિવસ ક્ષય થશે એવા આર્શિવાદ આપ્યા. જે જગ્યાએ બ્રહ્માજીએ ભગવાન શિવની પ્રાણપ્રતિષ્ઠા કરવાનું કહ્યું તે સોમનાથ. ચંદ્રે જગતમાં અનેક સત્કાર્યો કર્યા, જગતમાં શિતળતા અને ભાવ વધારવા જીવન પસાર કર્યુ અને જયારે તેને જગત છોડ્યું ત્યારે લોકોએ ચંદ્રની કદર કરી એક મહાન શિતળ ગોળો જે આકાશમાં ફરે છે તેને નામ આપ્યું ચંદ્ર.. અને ચંદ્ર જોડે જેણે સંસારનો સબંધ બાંધ્યો હતો તે ગમે તેવી પણ મહાન છે તે ચંદ્રની આસપાસ રહેતી નક્ષત્ર માલિકા. સત્તાવીસ માલિકાને પણ તેમનાં નામ આપ્યાં તે છે અશ્વિની ભરણી કૃત્તિકા રોહિણી મૃગ આર્દ્રા પુનર્વસુ પુષ્ય આશ્લેષા મઘા પૂર્વા ઉત્તરા હસ્ત ચિત્રા સ્વાતિ વિશાખા અનુરાધા જયેષ્ઠા મૂળ પૂર્વાષાઢા ઉત્તરષાઢા શ્રવણ ધનિષ્ઠા શતતારકા પૂવાભા ઉત્તરાભા અને રેવતી..

સોમ એટલે ચંદ્ર અને ચંદ્રે જે જગ્યાએ નાથ કહીને ભગવાન શિવનું તપ કર્યુ અને ભગવાન શિવ પ્રગટ થયા તે સોમનાથ. જે જગ્યાએ પ્રભુકાર્ય કરવાવાળા ચંદ્રની ગુમાવેલ પ્રભા પરત મળી તે સ્થાન પ્રભાસ. પ્રાચીન માન્યતાઓ અનુસાર સત્યયુગમાં સોમરાજે સુવર્ણનું મંદિર બંધાવ્યું હતું. ત્રેતાયુગમાં રાવણે ચાંદીનું મંદિર બંધાવ્યું હતું અને દ્વાપર યુગમાં ભગવાન શ્રીકૃષ્ણએ ચંદનના લાકડાથી મંદિરનું નવ નિર્માણ કર્યુ હતું. સાગર કિનારે આવેલા સંસ્કૃતમાં લખેલા શિલાલેખ પ્રમાણે મંદિર તથા પૃથ્વીના દક્ષિણ ધ્રૃવની વચ્ચે ફકત સમુદ્ર જ આવેલો છે અને કોઈ જમીન નથી. અહીં જ બાજુમાં ભાલકાતીર્થ આવેલું છે જયાંથી ભગવાન શ્રીકૃષ્ણ તેમના નિજધામ ગયા હતા. અહીં તેમને પારધી દ્વારા તેના પગમાં રહેલા પદ્મને વીંધીને તેમને ઘાયલ કર્યા હતા. આ જ જગ્યાથી ભગવાન શ્રીકૃષ્ણના મોટા ભાઈ શ્રી બલરામ પણ અહીંથી પાતાળ લોક ગયા હતા.સોમનાથ મંદિરમાં પૂજા કરવા માટે એક હજાર બ્રાહ્મણો અને સોમનાથની યાત્રાએ આવતા યાત્રાળુઓના ક્ષોરકર્મ–હજામત કરવા માટે ત્રણસો હજામો રાખ્યા હતા. સોમનાથનો કેટલો વૈભવ હશે અને કેટલું મહાન પવિત્ર સ્થાન હશે તેની કલ્પના કરો. ત્યારપછી સમય જતાં ચંદ્રે ઉભો કરેલ ભાવ ઓછો થયો, શકિત ગઈ, વૈભવ ગયો. સંસ્કૃતિની શકિત નબળી પડતાં મહંમદ ગઝનીએ મંદિરને તોડીને વૈભવ લૂંટ્યો.આ બધી કથાનો અર્થ પણ સમજવો જોઈએ. ચંદ્રે ચાર પાપ કર્યા. વૃદ્ધનો અનાદર કર્યો, અનુભવ વૃદ્ધ અને જ્ઞાન વૃદ્ધનો અનાદર ના કરવો જોઈએ. પ્રતિજ્ઞાનું પાલન ના કર્યુ. પોતાના માનેલા સબંધીઓની સાથે પક્ષપાત કર્યો અને સ્ત્રીઓની ઉપર ભોગની નજર કરી. સ્ત્રી તરફ જોવાની નજર અતિ પવિત્ર હોવી જોઈએ. ધર્મ અને સંસ્કૃતિના કામ કરનાર લોકોમાં ઉપર બતાવેલ પાપ થાય છે ત્યારે તેમને ક્ષય લાગે છે એટલે કે તે ખલાસ થાય છે.આજથી ૭૫ વર્ષ પહેલાં સરદાર વલ્લભભાઇ પટેલના સંકલ્પના કારણે આધુનિક સોમનાથનો માર્ગ પ્રશસ્ત થયો. તેમને ૧૩ નવેમ્બર,૧૯૪૭નાં રોજ મંદિરનું પુનઃનિર્માણ કરવાની પ્રતિજ્ઞા કરી હતી. આજનાં સોમનાથ મંદિરનું તેની મૂળ જગ્યા પર સાતમી વખત નિર્માણ થયું. ૧૧ મે,૧૯૫૧ના દિવસે મંદિરની પ્રાણ–પ્રતિષ્ઠા થઈ ત્યારે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદે જયોતિર્લિંગની પ્રતિષ્ઠા વિધી કરતાં કહ્યું હતું કે "સોમનાથનું આ મંદિર વિનાશ પર નિર્માણના વિજયનું પ્રતિક છે." સોમનાથ ટ્રસ્ટ હેઠળ મંદિરનું નિર્માણ થયું છે અને આ ટ્રસ્ટ હવે મંદિરની દેખરેખ કરે છે. સરદાર પટેલ આ ટ્રસ્ટનાં પ્રથમ ચેરમેન હતાં હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ ટ્રસ્ટના ચેરમેન છે.આપણે યાત્રા કરીએ છીએ પણ સાથે સાથે યાત્રા કરવા પાછળનો ભાવ હ્રદયમાં હોવો જોઈએ. ભાવનો અભાવ હોય તો યાત્રાની કોઇ કિંમત નથી.




## માનવ વસાહતમાં રાનીપશુઓની રોજિંદી અવરજવર

# ધારી : જીરા ગામે નવા બની રહેલા ફાર્મ હાઉસમાં માદા દીપડો ઘુસી આવતા અફડાતફડી

### કામ કરતા મજૂરોની સતર્કતાથી માદા દીપડાને બાથરૂમમાં પુરી દેવાયો



અમરેલી, તા. ૯

ધારી તાલુકાના જીરા ગામમાં નવા બની રહેલા એક ફાર્મ હાઉસમાં અચાનક દીપડી ઘૂસી આવતા જીરા ગામ વિસ્તારમાં ભારે અફડાતફડી મચી જવા પામી હતી. ફાર્મ હાઉસમાં કામ કરી રહેલા મજૂરોએ સતર્કતા દાખવી દીપડીને બાથરૂમના

અનુસંધાન પાના ૬ ઉપર

## તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ સહિતનાં વ્યકિત સાથે

# નાના માચીયાળા ગામે ખારાનાં રસ્તે ટ્રેકટર ચલાવવા બાબતે ૧૧ ઈસમોએ કરી મારામારી

### તાલુકા પોલીસે ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૯

અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે માટી ભરી પોતાના વાડી ખેતરોમાં નાખવા અંગે તે જ ગામે રહેતાં સામાવાળાને ગમતુ ન હોય જેથી તેઓએ ખારાના રસ્તે ટ્રેકટર ચલાવવાની ના પાડેલ હતી. જેથી સામાવાળાને આવુ નહી કરવા સમજાવતા સામાવાળાઓને સારૂ નહી લાગતા આ તમામ સામાવાળાએ તે જ

અનુસંધાન પાના ૬ ઉપર

**અમરેલી એક્સપ્રેસ સમાચારો મોકલવા બાબત**

''અમરેલી એક્સપ્રેસ'' પ્રત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો દૈનિકનાં ઈ–મેઈલ એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી

## વડિયાનાં તોરી, બગસરા અને રાજુલા ખાતે બનાવ બન્યો

# અરેરાટી : અમરેલી જિલ્લામાં અલગ અલગ ૩ બનાવમાં આધેડ, વૃધ્ધ અને પરિણીતાએ આત્મહત્યા કરી લીધી

### ૨ વ્યકિતએ ઝેરી દવા ગટગટાવી અને એક વ્યકિતએ ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં અલગ અલગ ત્રણ બનાવમાં અલગ અલગ કારણોસર એક ખેડૂત આધેડ, એક વૃધ્ધ તથા એક પરિણીતાએ આત્મહત્યા કરી લેતાં મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં વડીયા તાલુકાના તોરી ગામે રહેતાં મૂળજીભાઈ દેવજીભાઈ રાઠોડ નામનાં ૪૭ વર્ષીય ખેડુત પાસે ૧૦ વિઘા જેટલી જમીન હોય. ત્યારે તેમને આ વર્ષ ખેતપેદાશમાં નબળું જતાં આ ખેડૂતને મનોમન લાગી આવતા ગત તા. ૪ના રોજ રાત્રીના ૧૦:૩૦ વાગ્યા દરમ્યાન તોરી ગામની સીમમાં પોતે પોતાની મેળે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પી જતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

જયારે બીજા બનાવમાં બગસરા ગામે મહાજનના વંડા પાસે રહેતાં જેન્તીભાઈ વનમાળીદાસ ખોરાસીયા નામનાં ૬૮ વર્ષીય વૃધ્ધ એકલવાયુ જીવન જીવતા હોય. જેનાથી કંટાળી જઈ ગત તા. ૮ બપોરના સવા બે વાગ્યાથી સવા પાંચ વાગ્યાના અરસામાં બગસરા બંગલી ચોક ખાતે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ત્રીજા અને અંતિમ બનાવમાં રાજુલા ગોંદરા ચોક વિસ્તારમાં રહેતી બાલીબેન વશરામભાઈ જાદવ નામની ૩૦ વર્ષીય પરિણીતાને માનસિક બિમારી સબબ ખરાબ વિચારો આવતા હોય. જેથી તેણી કંટાળી જઈ ગત તા. ૬ ના રોજ ૧૧:૩૦ વાગ્યે કોઈ ઝેરી પ્રવાહી દવા પી જતા તેણીનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## ટેકનોલોજીનાં યુગમાં રખડતા શ્વાનની સમસ્યા દુર થતી નથી

# હે રામ : ખાંભાનાં સમઢીયાળા ગામે ૨ વર્ષનાં બાળકને ઉઠાવી શ્વાન ભાગ્યું

### માતા–પિતાએ દોડીને બાળકને બચાવી લીધો

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં રખડતા શ્વાન, આખલાઓ અને ભટકતી ગૌમાતાની સમસ્યા દુર કરવામાં વહીવટીતંત્ર સદંતર નિષ્ફળ સાબિત થયું છે. ટેકનોલોજીનાં યુગમાં રખડુ શ્વાન નિદોષ નાગરિકો ઉપર હુમલા કરે તે યોગ્ય નથી.

દરમિયાનમાં આજે ખાંભાનાં સમઢીયાળા ગામે ૨ વર્ષનાં બાળકને રખડુ શ્વાન ઉઠાવી જતાં બાળકનાં માતા–પિતાએ મહામુસીબતે બાળકને



છોડાવ્યું અને અમરેલી સારવારમાં ખસેડવામાં આવેલ. બાળકને સાતથી આઠ ટાંકા લેવામાં આવ્યાનું જણવા મળેલ છે.






























*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)